PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ
વિકલાંગોના પુન:સ્થાપનની પ્રવૃત્તિનું માસિક

# કોશિશ થી કામયાબી

૧૫ જુન - ૨૦૧૮,
અંક નં. ૬૬



અંકુર શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં
ભાવનગરના યુવરાજશ્રી જયવિરરાજસિંહ ગોહિલ

સવિતાબાઇ નાગરદાસ ટ્રસ્ટ, મુંબઇના આર્થિક યોગદાનથી
પી.એન.આર.સોસાયટી અને કે. એલ. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ધ ડેફ સંચાલિત
શ્રીમતી પી.આર.વાઘર વિકલાંગ સાધન સહાય કેન્દ્ર, ભાવનગર
તથા શ્રી ધરમપુર સેવા મંડળ દ્વારા આયોજીત

## "વિનામૂલ્યે કૃત્રિમ હાથ-પગનો કેમ્પ"

તારીખ : ૧૨,૧૩,૧૪ મે ૨૦૧૮ | સમય : સવારે ૧૦-૦૦ થી ૪-૦૦

સ્થળ : વોક ટુ ગેધર્સ શ્રી ઉમેદભાઇ દોશી સાર્વજનિક માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા, નાની વહિયાળ, મુ.પો. નાની વહિયાળ, તા. ધરમપુર, જી. વલસાડ.



સંસ્થા દ્વારા વલસાડ ખાતે યોજાયેલ કેમ્પ




દિવ્યાંગો સાથે ભાવનગરના ૨૯૯માં જન્મદિવસની ઉજવણી

હવે આપ વેબસાઇટ www.klinstitutedeaf.org અને pnrsociety.org ઉપર પણ 'કોશિશ થી કામયાબી' જોઇ શકો છો

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 June - 2018 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# શ્રી બાબાભાઈના જન્મદિવસની ઉજવણી



૧૦ એપ્રિલ એટલે સંસ્થાના સ્થાપક, વિકલાંગોના મસીહા એવા વડીલશ્રી બાબાભાઈનો જન્મદિવસ ! દર વર્ષે બહેરાં-મૂંગા શાળામાં તેમનો જન્મદિવસ ઉજવવામાં આવે છે અને બાળકો તથા કર્મચારીઓ દ્વારા ખૂબજ શુભેચ્છાઓ આપવામાં આવે છે. આ વર્ષે સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા દ્વારા એક અનોખા સૂચનથી મોહનથાળ બનાવરાવી શ્રી બાબાભાઈના હસ્તે તેને કાપી, સૌનું મોં મીઠું કરાવી, તેમનો જન્મદિવસ ઉજવવામાં આવ્યો. બાળકોએ ચિત્રો અને કાર્ડ દ્વારા તેઓને શુભેચ્છા આપી. શ્રી પ્રજ્ઞાબેન ત્રિવેદીએ સ્વરચિત કાવ્ય દ્વારા તેઓને શુભેચ્છા આપી. મંત્રી શ્રી અશ્વિનભાઈએ પણ ખૂબ-ખૂબ શુભેચ્છા આપી. આ પ્રસંગે શ્રી બાબાભાઈએ કર્મચારીઓ માટે ખૂબજ પ્રેરણાદાયી વકતવ્ય આપી બધાને પ્રોત્સાહિત કર્યા છેલ્લે સૌ કોઈને શ્રી બાબાભાઈ તરફથી આઈસ્ક્રીમ ખવરાવવામાં આવ્યો. આ પ્રસંગે સમગ્ર સંસ્થા પરિવારે શ્રી બાબાભાઈને તેમના દીર્ઘાયુ અને તંદુરસ્ત જીવન માટેની શુભેચ્છા પાઠવેલ.

# શ્રી મૃદુલાબેન દેસાઈનું સન્માન




જાગૃતિ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, જે છેલ્લાં પાંચ વર્ષથી જુદાં-જુદાં ક્ષેત્રમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર વ્યકિતઓને એવોર્ડ આપી સન્માનિત કરે છે, તે અંતર્ગત તા. ૮ માર્ચ ૨૦૧૮ ના રોજ **વિશ્વ મહિલા દિવસ** નિમિત્તે, આપણી શાળાના ભૂતપૂર્વ આચાર્ય તથા હાલના સહમંત્રી શ્રી મૃદુલાબેન દેસાઈને **શ્રેષ્ઠ નાગરિક** (બહેરાં-મૂંગાની માતાઓના પથદર્શક) ના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં, જેના માટે સંસ્થા ખૂબજ ગૌરવની લાગણી અનુભવે છે. આ સન્માન માટે સંસ્થા પરિવારે માનનીય શ્રી મૃદુલાબહેનને ખૂબ-ખૂબ શુભેચ્છા પાઠવેલ છે.

# સફળ વિદેશ પ્રવાસ

શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ, ભાવનગરના માનદ્ મંત્રી અને પી.એન.આર. સોસાયટીના ટ્રસ્ટી શ્રી અશ્વિનભાઈ પંડયા, તાજેતરમાં યુરોપના દેશો, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, બેલ્જીયમ, નેધરલેન્ડ, ઓસ્ટ્રિયા, લિન્ચેસ્ટર, સ્વીટઝર્લેન્ડ, ઈટાલી, વેટીકન સીટી વિ. દેશોના સફળ પ્રવાસે જઈ આવ્યાં છે. તેમના આ પ્રવાસમાં તેઓએ વિવિધ ઐતિહાસિક, ભૌગોલિક, કુદરતી, ઔદ્યોગિક અને આધુનિક સ્થળોની મુલાકાત અને યુરોપિયન લોકોના સામાજિક તથા સાંસ્કૃતિક જીવનનો નજીકથી પરિચય મેળવ્યો હતો. ટૂંક સમયમાં તેમના પ્રવાસના સંસ્મરણોનો લાભ ટ્રસ્ટી-કર્મચારીઓને મળશે, તેવી આશા છે.



# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- CONTENTS AT A GLANCE . . . ૦૪
- સંસ્થામાં આવકાર એ.જી.તન્નારાણા ૦૪
- પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ સમાચાર . . ૦૪
- દિવ્યાંગ સાધન સહાય કેમ્પ . . . . ૦૫
- વિશ્વ ઓર્થોડેન્ટિસ્ટ દિવસ અનવ્યે આયોજિત ફ્રી કેમ્પ . . . . . ૦૫
- સાફલ્ય ગાથા-પ્રિવેન્શન વિભાગ . . ૦૬
- કેસ સ્ટડી - પોલીયો હૉસ્પિટલ. . . ૦૬
- શ્રદ્ધાંજલી - નારશંગભાઈ. . . . . . ૦૬
- સાફલ્ય ગાથા-પ્રિવેન્શન વિભાગ . . ૦૭
- તળાજા રિસોર્સ સેન્ટરની ઉજવણી . ૦૮
- ભાવેણાના જન્મદિવસની ઉજવણી . ૦૯
- હાર્દિક અભિનંદન - એ.જી.પંડ્યા . . ૦૯
- નિરામયા હેલ્થ પોલિસી . . . . . . ૦૯
- કેમ્પ અભિપ્રાય . . . . . . . . . . . ૧૦
- સંલગ્નિત સંસ્થાઓ . . . . . . . . ૧૦
- પ્રવેશ જાહેરાત - નવસારી શાળા . . ૧૦
- લાઈબ્રેરી કોર્નર . . . . . . . . . . . ૧૧
- રૂબેલ રસીકરણ કેમ્પ . . . . . . . . ૧૧
- સંક્ષિપ્ત સમાચાર-PNR હૉસ્પિટલ . ૧૨
- સંક્ષિપ્ત સમાચાર-PNR સોસાયટી-ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-પ્રિવેન્શન . . . . ૧૩
- સંક્ષિપ્ત સમાચાર-સી.પી. શાળા . . ૧૪
- સંક્ષિપ્ત સમાચાર-A.T.&T.ટેક.પાર્ક ૧૬
- સંક્ષિપ્ત સમાચાર-હાઈટેક શાળા . . ૧૭
- સંક્ષિપ્ત સમાચાર-KL પ્રા.શાળા . . ૧૭
- સંક્ષિપ્ત સમાચાર-KL મા.શાળા . . ૧૮
- સંક્ષિપ્ત સમાચાર-CMP હૉસ્ટેલ . . ૧૯
- સંક્ષિપ્ત સમાચાર-'અંકુર' શાળા . . ૨૦
- દાતાઓની નામની યાદી . . . . . . ૨૧
- વિકલાંગ ધ્યેય શાહની સિદ્ધિ . . . . ૨૨


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## આધુનિક દિવ્યાંગોની લાઈફ સ્ટાઈલ

વિકલાંગોને સામાન્ય પ્રવાહમાં ભેળવવાની સંમિલિકરણની પ્રક્રિયા, વર્તમાન સમયમાં જોર પકડી રહી છે. શારીરિક ખોડની માનસિકતાની ગ્રંથિમાંથી, દિવ્યાંગોને બહાર કાઢવા સરકાર, સંસ્થાઓ, વાલીઓ પ્રયોગરત છે. રમત-ગમત, બૌધિક સ્પર્ધાઓ, ગીત-નૃત્ય અને ફેશન-શોમાં કરેલ અદભૂત દેખાવો, એ આ પ્રયોગની જ સફળતા છે. માનવ સ્વભાવે જ ઉપભોકતા, Consumer છે. સુખ, સુવિધા અને સૌંદર્યને નિખારતી વસ્તુઓનું આકર્ષણ વધતું જાય છે. વર્તમાન દુઃખ ભૂલી, અમૂક ગમતી વસ્તુઓ મળી જાય તો સ્વર્ગની અનૂભૂતિ થાય. વિકલાંગો માટે સાધન સહાય વિતરણના કેમ્પમાં તમે ચહેરાઓ પર ચમક જૂઓ છો, તે આની જ છે. તેઓના જીવનમાં રસ, ઉમંગ ઉમેરવામાં, સાધન - સહાય (Aids & Appliences) અને સહાયભૂત તકનીકી (Assistive Technology)નાં આધુનિકીકરણનો હિસ્સો છે. ડિજીટલ ટેકનોલોજીએ કલર, ફેશન, ડિઝાઈનવાળી વિકલાંગોના સાધનોની વિશાળ રેંજ ખડી કરી છે. જેમ કે પર્કિન્સન્સના દર્દીના હાથના કંપનને ઓછા કરતી જમવાની ચમચી - કપ; દોડવા, પર્વત ચઢવા અને ડાન્સ કરવાનું સરળ બનાવતાં રોબોટિક સાધન, સીડી ચડવા સક્ષમ કરતી વ્હીલ ચેર, પ્રજ્ઞાચક્ષુ અને શ્રવણમંદના સાધનોમાં અનેક વિવિધતાઓ વિગેરે. દિવ્યાંગો પર કામ કરતી સંસ્થાઓ માટે હવે એ જરૂરી બની ગયું છે કે, દરેક સંસ્થામાં એક વર્ચુઅલ મ્યુઝિયમ હોય, જેમાં બધી જ વિકલાંગતાના સહાયક ઉપરકરણોની માહિતી હોય અને નમૂનાઓ જોઈ શકાય. જેથી વિકલાંગ લાભાર્થીઓ, વાલીઓ, દાતાશ્રીઓ માટે પ્રેરણારૂપ બને. ચીંથરેહાલ કપડામાં હારમોનિયમના સંગાથે, ભજન ગાઈ ભીખ માંગતો એક પ્રજ્ઞાચક્ષુ, AC થિયેટરમાં પિયાનોવાદન કરતાં સેલિબ્રીટી શ્રી રવિન્દ્ર જૈન બની શકે; તો વીસમી સદીનો દરેક ડિસેબિલિટી ધરાવતો દિવ્યાંગ, ડિજીટલ ટેકનોલોજી દ્વારા વૈભવી જીવનશૈલી અપનાવે, એ આશાનું કિરણ છે.

✍ **કિરીટ રાઠોડ**

If you look at what you have in life,
you will always have more.


**- Oprah Winfrey**


- **Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2016-18, Monthly
- **અંક નં. : ૬૬**
**૧૫ જૂન - ૨૦૧૮**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
૨૪૩૧૧૬૦
**E-mail :** info@pnrsociety.org
klinstitute.deaf@gmail.com
**Visit us :** www.pnrsociety.org
www.klinstitutedeaf.org
- તંત્રી
**અનંત કે. શાહ**
- સહતંત્રી
**અશ્વિન પંડ્યા**
**કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
**અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
**આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
**રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
**લીલા ચૌહાણ**
**વૈશાલી યોગી**
**નેહલ ત્રિવેદી**
**પરિક્ષિત ભટ્ટ**
**આરિફ જેઠવા**
**પારસ શાહ**
**ભરત કનાડા**
**મનસુખ સોરઠિયા**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE



✍ K. D. PADIA

### ✧ Divyangs Celebrated Bhavnagar's Birthday

The 296th Birth Day of Bhavnagar was celebrated by Divyangs in the Mahavir Auditorium of the K. L. Institute for the Deaf (KLID). The Saurashtra Samachar, a renowned daily of this region took the lead to invite all students of KLID, Ankur School for MR and Nataraj C. P. School at one place for Birth Day Celebration with a difference. The children presented cultural items and guest-speakers dealt in golden history of this princely state.

### ◈ KLID organised one-day Workshop shows new Dimensions

Under the 'Gyangoshthi' programme (30 April to 5 May, 2018), the KLID invited Smt. Nandiniben Raval, Executive Director of Blind People's Association, Ahmedabad who delivered a lucid and informative discourse on "Syndroms & Rehab Understanding of Multi Sensory Impairment including Deaf-blindness. The teachers of all special schools took benefit of this opportunity. In fact, it was a great moment for people in the field.

### ◈ Prevention Programme at its Peak

Rubella immunization of 225 women / girls, plastic surgery of 9 children and organization of Cataract Diagnosis camp have been the highlights of the May, 2018.

### ◈ Other Activities

Tour of Mumbai and visit of Nilambag Palace of erstwhile princely state by the MR Children of Ankur School, Divyang Darshan and Annual Day Celebration by C. P. School, PNR Hospital's services, Parkinson's Support Group Activity and success stories are included in this issue.



Parkinson's Patients celebrating World Parkinson's Day

## સંસ્થામાં આવકાર એ.જી.તન્નારાણા



પી. જી. વી. સી. એલ. માં કુશળ વહિવટદાર અને ચાર જિલ્લાના વડા તરીકે યશસ્વી કામગીરી કરીને હાલમાં જ મુખ્ય ઈજનેર તરીકે સેવાનિવૃત્ત થયેલ, શ્રી એ. જી. તન્નારાણા, વિકલાંગો માટે એક છત્ર નીચે કામ કરનાર સૌથી મોટી સંસ્થા પી.એન.આર. માં, વિકલાંગોની સેવા કરવાના ઉમદા ધ્યેયથી કાર્યકર્તા તરીકે જોડાતાં, સંસ્થા પરિવાર તેમને આનંદપૂર્વક આવકારે છે. તેમની વહિવટી કુળશતાનો લાભ સંસ્થાને પ્રાપ્ત થશે, તેવો આશાવાદ સેવે છે.

## પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ સમાચાર

શ્રી બી. કે. પારેખ પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ, જે પી. એન. આર. સોસાયટી દ્વારા ૨૦૧૩ થી દર રવીવારે, મુંબઈ સ્થિત પાર્કિન્સન્સ ડિસીઝ એન્ડ મૂવમેન્ટ ડિસોઓર્ડર સોસાયટીના માર્ગદર્શન નીચે અવિરત ચાલે છે, તેમાં પાર્કિન્સન્સ દર્દીઓએ ૧૧ એપ્રિલ ૨૦૧૮ ના **'પાર્કિન્સન્સ ડે'** નો મનોરંજન કાર્યક્રમ આપીને ઉજવેલ. તા. ૨૦-૫-૨૦૧૮ ને રવીવારે આ સપોર્ટ ગ્રુપમાં પાર્કિન્સન્સ દર્દીઓને **'૧૦૨-નોટ આઉટ'** ફિલ્મ બતાવીને તેમનું મનોરંજન કરાવેલ. હાલ ૨૫ થી ૩૦ પાર્કિન્સન્સ દર્દીઓ આ સપોર્ટ ગ્રુપમાં સેવા લે છે. પ્રાયોગિક ધોરણે પાર્કિન્સન્સ દર્દીઓની માંગણીના અનુસંધાને, દર ગુરૂવારે સાંજે તેમને કસરત કરાવાય રહી છે અને દર્દીઓને લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

# દિવ્યાંગ સાધન સહાય કેમ્પ


✍ કિરીટ રાઠોડ








પી.એન.આર. સોસાયટી અને કે. એલ. ઈન્સ્ટીટયુટ ફોર ધ ડેફ, ભાવનગર સંચાલિત, શ્રીમતી પી.આર. વાઘર વિકલાંગ સહાય કેન્દ્ર, ભાવનગર તથા શ્રી ધરમપુર સેવા મંડળ દ્વારા, **સવિતાબેન નાગરદાસ ટ્રસ્ટ, મુંબઈ**ના આર્થિક યોગદાનથી, તા. ૧૨ થી ૧૪ મે દરમિયાન, **'વિનામૂલ્યે કૃત્રિમ હાથ-પગનો કેમ્પ'**, માધ્યમિક શાળા, નાની વહિયાળ, તા. ધરમપુર, જિ. વલસાડ ખાતે યોજાયેલ. ગુજરાતના આ **મેગા રાહત કેમ્પ**માં **૨૦૮** દર્દીઓને તપાસવામાં આવ્યાં અને **૧૩૧** લાભાર્થીઓને કૃત્રિમ અંગોની સહાય કરવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), માનદ્‌મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી જયશ્રીબેન રાઠોડ તથા શ્રી ઈલાબેન શાહ, મુંબઈથી શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા (ઉપપ્રમુખ), શ્રી વામનભાઈ પારેખ (ઉદ્યોગપતિ, નીલકમલ), શ્રી કિશોરભાઈ જોષી (માનદ્‌ કેમ્પ સંયોજક-સાઉથ ગુજરાત) તથા દાતા પરિવારના શ્રી પ્રદીપભાઈ શાહ તથા શ્રી મહેશભાઈ શાહ તથા તેમનો પરિવાર અને નાની વહિયાળ તથા ધરમપુરના આગેવાનો સર્વશ્રી અરવિંદભાઈ પટેલ (ધારાસભ્ય), ડૉ. બાબાભાઈ પટેલ, શ્રી જયદીપસિંહ સોલંકી (પ્રમુખ, ધરમપૂર નગરપાલિકા), શ્રી પી. પી. ભટ્ટ (પી.એસ.આઈ.), શ્રીમતી શોભનાબેન પટેલ (સરપંચ), ડૉ. ધીરુભાઈ પટેલ વિગેરેએ પ્રોત્સાહક હાજરી આપી હતી. આ કાર્યક્રમના આયોજનમાં શ્રી દિલીપભાઈ પટેલ (પૂર્વ સરપંચ) અને શ્રી ચુનીભાઈ પટેલ તથા તેમની ટીમે સફળ કામગીરી બજાવી હતી. આ સાધન સહાય કેમ્પને સફળ બનાવવા શ્રી અશ્વિનભાઈ પંડયા (માનદ્‌ મંત્રી, કે. એલ.) તથા શ્રી જીતુભાઈ શાહ (ટ્રેઝરર, કે.એલ.) ની દોરવણી નીચે ઓર્થોટિક એન્ડ પ્રોસ્થેટિક એન્જીનિયર ડૉ. કાજલબેન બોરડ અને તેમની ટીમે ભારે પરિશ્રમ અને જહેમત ઉઠાવી, પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું.



શ્રી અશ્વિનભાઈ



શ્રી જીતુભાઈ

## વિશ્વ ઓર્થોડેન્ટિસ્ટ દિવસ અન્વયે આયોજિત ફ્રી કેમ્પનું સમાપન

વિશ્વ સંસ્થા યુનો પ્રતિ વર્ષ એક દિવસ આરોગ્ય સંબંધિત, **'વિશ્વ ઓર્થોડેન્ટિસ્ટ દિવસ'** મનાવે છે. તા. ૧૫-૫-૧૮ ના રોજ જન જાગૃતિ માટે પી.એન.આર. હોસ્પિટલ તરફથી વાકાં-ચૂંકા દાંત, આગળ પડતાં દાંત, જડબાની અયોગ્ય ગોઠવણી, દાંત વચ્ચે જગ્યા હોવી, તે અંગેના **ફ્રી નિદાન કેમ્પ**નું આયોજન કરાયેલ. ડૉ. માર્ગીબેન દોશી, MDS ઓર્થોડેન્ટિસ્ટે, પોતાની સેવા આપેલ. આગળની ટ્રીટમેન્ટ રાહતદરે કરી આપવામાં આવશે. આ કેમ્પનો ૧૫ લાભાર્થીઓએ લાભ લીધેલ.

## સાફલ્ય ગાથા

# પ્રિવેન્શન વિભાગ



ઑપરેશન પહેલાં



ઑપરેશન પછી

**નામ : શિયાળ કેતન હરેશભાઈ, ધોરણ : ૭**
**ગામ : નાના ખુંટવડા, તા. મહુવા, જિ. ભાવનગર**

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના નાના ખુંટવડા ગામમાં તળપદા કોળી હરેશભાઈ અને તેમના પત્નિ ખેત મજુરી કરી ગુજરાન ચલાવે છે તેમના દિકરા કેતનને ધો. ૭ સુધી અભ્યાસ કરેલ છે. દીકરાને ૪/૫ વર્ષ ઉંમરે અચાનક ખૂબજ તાવ આવ્યો અને તેમને આંચકી આવતાં તેમને આંખની તકલીફ થઈ ગઈ. આંખના ડૉક્ટરે કહ્યું કે, કેતનને આંખ ત્રાંસી થઈ ગઈ છે, તેનું ઓપરેશન કરાવવું પડશે. જે જાણી તેઓ મુંજાયા કે 'ઓપરેશનનો ખર્ચ કેમ કરી કરીશું.' તેમ કરતાં થોડો સમય જતાં, પી.એન.આર. સોસાયટીની ડેફનેસ-બ્લાઈન્ડનેસ ટીમ નાના ખુંટવડા પ્રા. શાળામાં ગયેલ અને કેતનની પ્રાથમિક તપાસ કરી, પી.એન.આર. હોસ્પિટલમાં ત્રાંસી આંખના ડૉ. જનક શાહના કેમ્પમાં તા.૨૫/૧૧/૨૦૧૭ના રોજ કેતનને લઈને આવ્યાં. કેતનની ત્રાંસી આંખનું ઓપરેશન કરી, સીધી કરવામાં આવી અને કેતનની આંખ સીધી થઈ ગયેલ જોઈ તેના માતા-પિતા ખૂબ ખુશ થયાં. જણાવ્યું કે, ''જો આ સંસ્થાના સ્ટાફ દ્વારા જાણ ન થઈ હોત તો મારા બાળકને જિંદગીમાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડત, આથી સંસ્થા, સ્ટાફ, ડૉક્ટરનો ખૂબ-ખૂબ આભાર.''

## કેસ સ્ટડી

# પોલિયો હૉસ્પિટલ

**દર્દીનું નામ : મશીરાબેન સોહીલભાઈ દિવાન,**
**ઉ. વ. ૨, ગામ : તરસમીયા**

આ બે વર્ષની બાળાના બંને હાથ જન્મથી વળેલાં હોય મુવમેન્ટ ન થતાં, અલગ રહેતાં. જેથી બાળક તેના હાથનો ઉપયોગ કરી શકતું નહીં.

પી.એન.આર. હોસ્પિટલમાં, પોલિયોના કારણે જકડાયેલાં હાથ ઓપરેશનથી છુટા કરાયાં, મુવમેન્ટ કરી શકે તેવું જટિલ અને જીણવટ ભર્યુ ઓપરેશન, અમદાવાદ સ્થિત પીડિયાટ્રિક ઓર્થો. સર્જન ડૉ. પ્રકાશ ચૌહાણ તથા પી.એન.આર. ના ઓર્થોપેડિક સર્જન ડૉ. પીનાકીન વોરા અને સ્ટાફ તરફથી સરાહનીય કામગીરી કરી, બાળકને નવજીવન આપેલ છે.





## શ્રદ્ધાંજલી

**પી. એન. આર. હોસ્પિટલમાં ૧૯૮૯થી, ઓટોક્લેવની સફળતા પૂર્વક કામગીરી બજાવતાં સેવાભાવી કર્મચારી શ્રી નારશંગભાઈ ચુડાસમાનું તા. ૩/૫/૧૮ ના રોજ નિધન થતાં, સંસ્થા પરિવારના દરેક સભ્યે દુઃખની લાગણી અનુભવી છે. પ્રભુ તેમના પરિવારને આ દુઃખ સહન કરવાની શકિત અને સદ્‌ગતના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.**

**ૐ શાંતિ : ૐ શાંતિ : ૐ શાંતિ :**



# સાફલ્ય ગાથા

# પ્રિવેન્શન વિભાગ




ઑપરેશન પહેલાં



ઑપરેશન પછી

**નામ : અંજુબેન**

અંજુબેન કુટુંબમાં ફકત બે વ્યક્તિ માતા અને પુત્રનું નાનું કુટુંબ છે. અંજુબેનને છેલ્લાં ત્રણ માસથી બંન્ને આંખમાં ખૂબજ ઝાંખુ દેખાતું હોવાથી ઘરકામ કરવામાં ખૂબજ તકલીફ પડતી હતી. પરંતુ આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે અંજુબેન આંખની સારવાર કરાવવા જતા ન હતાં. અંજુબેનના પડોશમાં રહેતા લક્ષ્મીબેને, અંજુબેનને પી.એન.આર. હોસ્પિટલમાં આંખ બતાવવા જવા ભલામણ કરીને કહયું કે આપણાં જેવા આર્થિક નબળા લોકોને આ દવાખાને વિનામૂલ્યે મોતિયો ઉતારીને, નેત્રમણી બેસાડી આપે છે. તો તમે એકવાર હોસ્પિટલમાં આંખની તપાસ કરાવવા જઈ આવો. તેથી અંજુબેનને લઈ તેનો દિકરો પી.એન.આર. હોસ્પિટલ ખાતે આંખની સારવાર કરાવવા લઈ આવેલ. ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલા સાહેબે અંજુબેનની બંન્ને આંખ તપાસી બંન્ને આંખમાંથી જમણી આંખમાં મોતિયો પાકી ગયો હોવાનું જણાવી મોતિયાનું ઓપરેશન કરાવી લેવાની સલાહ આપી હતી અને તે માટે તા. ૨-૨-૧૮ ના રોજ સાંજે મોતિયાના ઓપરેશન માટે દાખલ થવા જણાવી, રીપોર્ટ કરાવી લેવા ભલામણ કરેલ. તા. ૨-૨-૧૮ ના રોજ મોતિયાના ઓપરેશન માટે જરૂરી લેબોરેટરી રીપોર્ટ સામાન્ય આવતા તા. ૩-૨-૧૮ ને શનિવાર ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલા સાહેબે સફળતા પૂર્વક મોતિયાનું ઓપરેશન કરી આપ્યું હતું. તા. ૧૭-૩-૧૮ ના રોજ અંજુબેનને ફોલોઅપ માટે લઈ આવેલ. તેમના દિકરા સાથે વાત કરતાં પૂછ્યું હતું કે જમણી આંખમાં મોતિયાનું ઓપરેશન થઈ ગયા પછી હવે કેવું દેખાય છે ? આ હોસ્પિટલમાં તમને સારવાર લીધા પછી આ હોસ્પિટલની કામગીરી વિશે તમને કેવો અનુભવ રહયો ? તેના જવાબમાં ઉપેન્દ્રભાઈ એ જણાવ્યું કે આ દવાખાનું અમારા જેવા ગરીબ અને આર્થિક નબળા લોકો માટે ખૂબજ સારી કામગીરી કરી રહ્યું છે, અમે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે આ દવાખાનાને દાતાઓના સહયોગથી અમારા જેવા લોકોની સેવા કરવા માટેની શકિત આપે. આ દવાખાનામાં અમારી જેવા લોકોને ખૂબજ સારી અને સરળ ભાષામાં સૂચના અને માહિતી, ડૉક્ટર સાહેબ તથા સ્ટાફના ભાઈ-બહેન દ્વારા મળતી હતી અને સહેજ પણ તકલીફ વિના વિનામૂલ્યે સારવાર અને ઓપરેશન કરી આપવા માટે અમે આપ સહુના ખૂબજ આભારી છીએ.

---

**નામ : આકાશ સોલંકી**





આકાશ સોલંકી

ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાનું નવા ગુંદાળા નામે એક સુંદર નાનું ગામ આવેલ છે. આ ગામની પ્રાથમિક શાળામાં આકાશ ધો. ૫ માં અભ્યાસ કરે છે. તેમના પિતા ભરતભાઈ જે પાન-મસાલાની દુકાન ચલાવી પોતાના કુટુંબનું ગુજરાન ચલાવે છે. જેમને બે દિકરા છે. ભરતભાઈએ ધો. ૫ સુધી અભ્યાસ કરેલ. તેમના પત્નિ મીણાબેન જે ઘરકામ તથા છુટક મજુરી કામ કરે છે. તેમના દિકરા આકાશને બંને કાનમાં રસી આવતી હતી. સાંભળવાની તકલીફ પડતી પણ પરિસ્થિતિ સારી ન હોવાથી પ્રાઈવેટ હોસ્પિટલમાં ડૉકટરને બતાવવા ગયા નહીં. જ્યારે કાનમાં રસી આવવા લાગે ત્યારે લોકલ ડૉકટર પાસેથી દવા લઈ લેતાં. આમ બે વર્ષ સુધી ચાલ્યું પણ જ્યારે પી.એન.આર. સોસાયટી ડેફનેશ-બ્લાઈન્ડનેશ ટીમ નવા ગુંદાળા પ્રા. શાળામાં ગયેલ અને તપાસ કરતાં આકાશને કાનમાં રસી આવતી જોઈ અમે વાલીને બોલાવી સમજાવ્યું કે પી.એન.આર. હોસ્પિટલમાં કાન વિભાગમાં આકાશને બતાવવા લઈ આવો. જો ઓપરેશનની જરૂર હશે તો ઓપરેશન વિનામૂલ્યે કરી આપીશું. ત્યારે ભરતભાઈ પી.એન.આર. હોસ્પિટલમાં બતાવવા આવ્યાં. ડૉ. અશોક બારૈયા સાહેબ દ્વારા તપાસ કરવામાં આવી. ડૉ. બારૈયા સાહેબે જણાવ્યું કે આકાશને બંને કાનના પડદામાં કાણું પડી ગયું છે. ઓછું સંભળાતું હોય તેવું લાગે છે તેથી કાનનો ઓડિયોગ્રામ રીપોર્ટ કરાવવો પડશે તેમજ લોહીના રીપોર્ટ કરાવી લ્યો તેમાં કોઈ ક્ષતિ ન જણાઈ તો ઓપરેશન માટે ફિટ થઈ શકશે. આમ, કાન તથા લોહીના રીપોર્ટ કરાવ્યા બાદ આકાશને જમણા કાનનું તા. ૨૭-૧૧-૧૮ ના રોજ ઓપરેશન થયું અને આકાશને કાનમાં આવતી રસી બંધ થઈ

અને ત્યાર પછી વાલી બીજા કાનનું તા. ૧૮-૧૨-૧૮ ના રોજ ઓપરેશન માટે લઈ આવ્યાં અને ઓપરેશન બંને કાનનું થઈ ગયા બાદ ખૂબ રાજી થયા આકાશને બંને કાન સારા થઈ ગયાં ઓછું સાંભળવાની તકલીફ દૂર થઈ. આથી ભરતભાઈ સંસ્થા, ડૉકટર, હોસ્પિટલ, સ્ટાફ બધાનો ખૂબ-ખૂબ આભાર વ્યકત કર્યો કે, આવી સંસ્થા દ્વારા ખૂબજ સારી કામગીરી થાય છે. અને તે પણ શાળામાં આવી તપાસ કરી આપે છે. અમને પણ ખ્યાલ ન હોઈ શકે શાળામાંથી જાણ થઈ ત્યારે અમને ખ્યાલ આવ્યો કે મારા બાળકને આવી તકલીફ હશે. જે આવી એક જ સંસ્થા છે જે સ્કૂલમાં બાળકોને નિસ્વાર્થ ભાવે આવી સેવાઓ આપે છે. અને બાળકોના ભવિષ્યને સાર્થક કરી બતાવે છે. આમ સંસ્થાવતી બધાનો ખૂબ-ખૂબ આભાર.

# તળાજા રિસોર્સ સેન્ટરમાં વાર્ષિક ઉત્સવની ઉજવણી


પંકજ કટકિયા

પી.એન.આર. સોસાયટી સંચાલિત, શ્રી એન.આર. શાહ મેમોરિયલ હોસ્પિટલ, તળાજા રિસોર્સ સેન્ટર ખાતે, ચાલતાં મગજના લકવાગ્રસ્ત તેમજ મંદબુદ્ધિ, દિવ્યાંગ બાળકોના સેન્ટર ઉપર **વાર્ષિક ઉત્સવ** ઉજવવામાં આવ્યો. તેમાં વાલી-મિટીંગ તેમજ જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના શ્રી એ. જી. તન્નારાણા સાહેબ, શ્રી નરેશભાઈ અજમેરા તથા તળાજા શહેર ભાજપ પ્રમુખ શ્રી પરેશભાઈ જાની, શ્રી ચિંતનભાઈ સોની (વેપારી-દાતાશ્રી), શ્રી પરાગ મનસુખભાઈ (દાતાશ્રી), શ્રી રુદ્ર વજેરામભાઈ (દાતાશ્રી) વગેરે ઉપસ્થિત રહેલ હતાં. છેલ્લે બાળકોને આઈસ્ક્રીમ-કેક, સમોસાનો નાસ્તો કરાવવામાં આવેલ.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેન્ટરના સ્પેશ્યલ એજ્યુકેટર શ્રી પંકજભાઈ કટકિયાએ કરેલ અને દાતાશ્રીઓનો આભાર વ્યકત કરેલ.











# ભાવસભર ભાવેણાના ૨૯૬માં જન્મદિવસની ઉજવણી




પ્રાતઃસ્મરણીય મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીના ભાવસભર ભાવેણાના ૨૯૬ માં જન્મદિન પ્રસંગે દિવ્યભાસ્કર ગ્રુપના સૌરાષ્ટ્ર સમાચારના સંગાથે, ભાવનગરની દિવ્યાંગો માટે કામ કરતી સંસ્થાઓ પી. એન. આર. સોસાયટી અને તેની સંલગ્નિત સંસ્થા. શ્રી ખી. લ. બહેરાં-મૂંગા શાળા, શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા, 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા, સી.પી. સ્કૂલ તથા હાઈટેક સ્કૂલના મળી ૫૦૦ બાળકો સાથે સંસ્થાના મહાવીર ઓડિટોરીયમમાં સંસ્થાના ફાઉન્ડર શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) શ્રી મફતભાઈ, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી પારસભાઈ શાહ, શ્રી લાભુભાઈ સોનાણી, શ્રી જીતુભાઈ મહેતા, શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા, દરેક સંસ્થાના આચાર્યશ્રીઓ, શિક્ષકગણ, તેમજ સૌરાષ્ટ્ર સમાચારના મુરબ્બી શ્રી પ્રતાપભાઈ, શ્રી રૂપેશભાઈ સેન, શ્રી તારકભાઈ અને તેમની ટીમ સાથે **કેક કટીંગ** કરી, દરેક બાળકો સાથે ઉત્સાહભેર ઉજવણી કરી હતી અને સાથો-સાથ સંસ્થાના વિશિષ્ટ બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી અને અંતમાં બલુન ઉડાડવામાં આવેલ હતાં.

કાર્યક્રમનું સંચાલન શ્રી પારસભાઈ શાહે કર્યું હતું. અંતમાં આભારવિધિ શ્રી જયેશભાઈ મકવાણાએ કરી હતી.

**હાર્દિક અભિનંદન**

## ડી.આર.યુ.સી.સી.ના મેમ્બર તરીકે નિમણૂંક



**શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ, ભાવનગરના માનદ્ મંત્રી અને પી.એન.આર. સોસાયટીના ટ્રસ્ટી શ્રી અશ્વિનભાઈ પંડયાની ડિવીઝનલ રેલ્વે યુઝર્સ કન્સલ્ટેટીવ કમિટીની સભ્ય તરીકે પુનઃ નિમણૂંક થઈ છે. શ્રી અશ્વિનભાઈની કાર્ય કુશળતા, વિષયનું ઉંડુ જ્ઞાન અને વ્યવહારું અભિગમ, આ કમિટીના સભ્ય તરીકે ખૂબ ઉપયોગી નિવડશે. આ નિમણૂંક બદલ પી.એન.આર. અને સંલગ્નિત તમામ સંસ્થાઓના ટ્રસ્ટીશ્રી-હોદ્દેદારો અને કર્મચારીઓ તેમને હાર્દિક અભિનંદન પાઠવે છે.**

# નિરામયા હેલ્થ પોલિસીમાં લાભાર્થીને મળેલ સહાય

**નિરામયા હેલ્થ પોલિસી** જે નેશનલ ટ્રસ્ટ, ન્યૂ દિલ્હી દ્વારા દિવ્યાંગ બાળકો માટે મેડિકલ સહાય રૂપે છે, જેમાં સી.પી., એમ.આર., ઓટિઝમઅને બહુવિધ વિકલાંગતા. આ ચાર પ્રકારના દિવ્યાંગ બાળકોનો સમાવેશ થાય છે. જેમાં બી.પી.એલ કાર્ડ ધારકને વાર્ષિક રૂા. ૨૫૦/- ફી ભરવાની હોય છે અને એ.પી.એલ કાર્ડ ધારકને વાર્ષિક રૂા. ૫૦૦/- ફી ભરવાની થાય છે. જેની સામે લાભાર્થીને વાર્ષિક રૂા. ૧,૦૦,૦૦૦/- સુધીની **મેડિકલ સહાય** મળવાપાત્ર છે. આ સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન નિરામયા હેલ્થ પોલિસીમાં લાભાર્થીએ ભરેલ પ્રિમીયમ સામે, દિવ્યાંગોને રૂા. ૯૪,૧૪૬/- ની સહાય મળેલ છે,જે આનંદની વાત છે. જેની વિગતો નીચે આપેલ છે. (વધુ વિગત માટે **હિતેશભાઈ ઓઝા** મો. ૯૮૭૯૩૫૪૩૬૮નો સંપર્ક કરવો.)

| લાભાર્થીનું નામ | રકમ રૂા. | લાભાર્થીનું નામ | રકમ રૂા. |
|---|---|---|---|
| રાજદીપસિંહ ગોહિલ | ૪૫૨૨/- | શ્રધ્ધા બાવળિયા | ૩૧૭૧/- |
| અભિષેક જોશી | ૩૦૪૩/- | મનન ચિમનાણી | ૮૦૦/- |
| હિતેશ ઓઝા | ૪૨૯/- | પ્રિન્સ શિયાળ | ૯૭૧/- |
| રોનક બાંભણિયા | ૧૮૦૭/- | અભિષેક જોશી | ૨૭૫૮/- |
| મનન ચિમનાણી | ૧૨૦૦/- | અંજલિ હળવદિયા | ૯૦૮/- |
| હિત મકવાણા | ૫૮૭૦/- | પાર્થ ચુડાસમા | ૭૧૬૬/- |
| હિત મકવાણા | ૩૭૯૦/- | હિત મકવાણા | ૧૨૪૬/- |
| શ્રધ્ધા બાવળિયા | ૨૭૦૦/- | શ્રધ્ધા બાવળિયા | ૩૯૫૯/- |
| જયદીપ જોગદિયા | ૧૬૯૭/- | મનન ચિમનાણી | ૨૨૦૦/- |
| હિતેશ ઓઝા | ૧૬,૦૫૯/- | અભિષેક જોશી | ૨૧૯૯/- |
| શુભ નંદગાવકર | ૧૦,૦૦૦/- | યશરાજસિંહ રાઠોડ | ૫૧૨૦/- |
| જયદીપ જોગદિયા | ૧૨૭૯/- | મિલન ચાવડા | ૧૮૪૫/- |
| શ્રધ્ધા બાવળિયા | ૨૭૪૦/- | મનન ચિમનાણી | ૩૦૦/- |
| પ્રિન્સ શિયાળ | ૧૪૮૭/- | યશરાજસિંહ રાઠોડ | ૪૨૮૦/- |
| યશરાજસિંહ રાઠોડ | ૬૦૦/- | | |
| | | **કુલ રૂા. ૯૪,૧૪૬/-** | |

# કેમ્પ અભિપ્રાય

**SAVITABAI NAGARDAS TRUST**
**32, Bhagwan Bhuvan, 196, Samuel Street, MUMBAI.**

તા. ૧૮-૫-૧૮

**શ્રી ટ્રસ્ટી મહોદય**
શ્રી પી.એન.આર. સોસાયટી એન્ડ
શ્રી કે. એલ. ઈન્સ્ટિટયુટ ફોર ધ ડેફ સંચાલિત,
શ્રી પી.આર.વાઘર વિકલાંગ સાધન સહાય કેન્દ્ર-ભાવનગર.



તમારી સંસ્થા દ્વારા આયોજિત વિનામૂલ્યે કૃત્રિમ હાથ-પગનો કેમ્પ તા. ૧૨ મે થી તા. ૧૪ મે, ૨૦૧૮ ના રોજ, વોક ટુ ગેધર્સ શ્રી ઉમેદભાઈ દોશી સાર્વજનિક માધ્યમિક અને ઉચ્ચતર શાળા, ગામ : નાની વહિયાળ, તા. ધરમપૂર, જિ. વલસાડ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં સહભાગી થઈ અમે જે લાગણી અનુભવી રહયાં છીએ, તે વર્ણવી શકાય એમ નથી.

ટ્રસ્ટી શ્રી અનંતભાઈ શાહ ઉર્ફે શ્રી બાબાભાઈએ **અમો આવેલ ૨૨ જણને, માનવમાં ભગવાનના દર્શન કરાવેલ છે અને બધાની સંવેદના જગાડી છે.** ટ્રસ્ટી શ્રી બાબાભાઈ અને શ્રી કિરીટભાઈ રાઠોડ તેમજ શ્રી કિશોરભાઈ પ્રત્યક્ષ હાજર રહીને, તેમજ ભાવનગરથી શ્રી જીતુભાઈ અને શ્રી અશ્વિનભાઈએ સંચાલન કરીને અને સંસ્થાના વડીલોએ હાજર રહી બધાના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

ડૉ. કાજલબેન અને તેમના સાથી કાર્યકર્તાઓની અથાગ મહેનત અને જુસ્સો તથા દર્દીઓને શાંતિથી સમજણ આપવી, એ તમારી સંસ્થા માટે ખૂબજ સરાહનીય છે, અને કોઈ પણ કેમ્પના સફળ થવા માટે આ અત્યંત જરૂરી છે, અમો તેમના ઘણાં જ આભારી છીએ. નાની વહિયાળ શાળાના પ્રિન્સિપાલ તેમજ અન્ય શિક્ષકો અને સ્ટાફ, તેમજ શ્રી દિલીપભાઈ અને શ્રી ચુનીભાઈ તથા અન્ય કાર્યકર્તાઓનો, ખૂબજ સુંદર વ્યવસ્થા કરી આપવા બદલ આભાર.

મારું સૂચન છે કે કોઈપણ કેમ્પમાં, શરૂઆતમાં એકાદ બે હાથના અને પગના જૂના સકસેસફૂલ દર્દીઓને બોલાવીને, તેમનો અનુભવ માઈક પર શેર કરવવો જોઈએ, જેથી આવનારા નવા દર્દીઓની હિંમત વધે. બાકી પરમાત્માની કૃપાથી, આવા કેમ્પો વધારે ને વધારે થાય એવી પ્રાર્થના...

**જનસેવા એજ પ્રભુસેવા ...**

**લિ. સ્નેહી શ્રી પી.એન.આર. સોસાયટી**
**પરિવારના આભારી, પ્રદીપ શાહના જય હિંદ**

# સંલગ્નિત સંસ્થાઓ

| | | |
|---|---|---|
| **સંસ્થાનું નામ** | : | **પી.એન.આર. સોસાયટી** |
| સરનામું | : | ૫૧, વિદ્યાનગર, ભાવનગર - 364 002 |
| ફોન નં. | : | (૦૨૭૮)૨૪૨૦૮૩૬, ૨૪૨૯૩૨૬ |
| ઈમેલ | : | info@pnrsociety.org |
| વેબસાઈટ | : | www.pnrsociety.org |

| | | |
|---|---|---|
| **સંસ્થાનું નામ** | : | **'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા** |
| સરનામું | : | પ્લોટ નં. ૧૯૪૫, વર્કિંગ વિમેન્સ હોસ્ટેલ પાસે, સરદારનગર સર્કલ, ભાવનગર. |
| ફોન નં. | : | (૦૨૭૮)૨૫૬૬૯૫૬, ૨૫૭૩૦૩૮ |
| ઈમેલ | : | ankurmrschool.bvn@gmail.com |
| વેબસાઈટ | : | www.ankurspecialschoolbhavnagar.org |

| | | |
|---|---|---|
| **સંસ્થાનું નામ** | : | **શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ** |
| સરનામું | : | ૫૧, વિદ્યાનગર, ભાવનગર - 364 002 |
| ફોન નં. | : | (૦૨૭૮)૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬ |
| ઈમેલ | : | klinstitute.deaf@gmail.com |
| વેબસાઈટ | : | www.klinstitutedeaf.org |

| | | |
|---|---|---|
| **સંસ્થાનું નામ** | : | **શેઠ શ્રી વી. સી. લોઢાવાળા માતૃત્વ અને બાળ હોસ્પિટલ** |
| સરનામું | : | પથિકાશ્રમ પાસે, ભાવનગર - 364 001 |
| ફોન નં. | : | (૦૨૭૮)૨૪૨૪૧૭૯, ૨૫૧૩૧૫૨ |
| ઈમેલ | : | vclodhawalla2012@gmail.com |

## શ્રી પ્ર. સ. કોઠારી બહેરાં-મૂંગા વિવિધલક્ષી વિદ્યાલયમાં મૂક-બધિર બાળકોના પ્રવેશ બાબત

શાળાનું નવું સત્ર જૂન-૨૦૧૮ થી શરૂ થનાર હોય બાળવર્ગથી ધો. ૮ માટે સંસ્થા તથા છાત્રાલયમાં પ્રવેશ મેળવવા ઈચ્છુ કે, **મંત્રી, શ્રી પ્ર. સ. કોઠારી બહેરાં-મૂંગા વિવિધલક્ષી વિદ્યાલય-મહેશભાઇ કોઠારી માર્ગ, વિજલપોર, તા. જલાલપોર, જિ. નવસારીમાં રૂબરૂમાં અથવા પોસ્ટથી ફોર્મ મેળવી સંસ્થામાં તા. ૪-૬-૨૦૧૮ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. અહીં બાળકોને શિક્ષણ, ઔદ્યોગિક તાલીમ તથા રહેવા-જમવાની વિનામૂલ્યે આપવામાં આવે છે.**

વધુ માહિતી માટે જરૂર જણાયે ફોન નં. (૦૨૬૩૭) ૨૮૩૮૬૦/ ૨૮૩૭૮૫ તથા મોબાઈલ નં. ૯૮૨૫૭૩૦૯૩૭ **(મંત્રીશ્રી)**, ૯૪૨૭૭૮૩૭૬૩ **(ઇ. આચાર્યશ્રી)** ઉપર સંપર્ક કરવો.

## લાઇબ્રેરી કોર્નર

# THE BOOKS PROCURED IN NATARAJ COLLEGE LIBRARY

1. **CEREBRAL PALSY AND EARLY STIMULATION (Page-219)**
   Author : DR. Vykuntaraju K.N.
   Publisher : Jaypee Brothers Medical publishers, New Delhi.
   Year of publication : 2014, Acc. No.: 303
   The book deals with the evaluation and identification of causes of Cerebral Palsy and its Management.

2. **TREATMENT OF CEREBRAL PALSY AND MOTOR DELAY (Page-319)**
   Author : Sophie Levitt.
   Publisher : Blackwell Publishing.
   Year of Publication : 2004, Acc. No. : 308
   This is a highly illustrated practical book, written by a specialist physiotherapist and tutor in the field. It provides an outline of Therapeutic approaches and suggests treatment options.

3. **COPING WHEN YOUR CHILD HAS CEREBRAL PALSY (Page-105)**
   Author : Jill Eckersley
   Publisher : Sheldon Press, London
   Year of Publication : 2009, Acc. No. : 313
   This book gives information about Cerebral Palsy and its effects, covering all stages, childhood to adolescence, examining the practical day to day problems.

4. **CHILDHOOD MOTOR SPEECH DISABILITY (Page-216)**
   Author : Russell J. Love
   Publisher : Allyn & Bacon
   Year of Publication : 1992, Acc. No. : 305
   This book presents a reasonably comprehensive outline , of all the childhood nervous system disorders, resulting in Motor speech Disability.

# રૂબેલા રસીકરણ કેમ્પ




તા. ૮-૪-૧૮ ના રોજ સ્વ. રવજીભાઈ કાનજીભાઈ મકવાણા તથા સ્વ. શાંતુબેન રવજીભાઈ મકવાણાના સ્મરણાર્થે તેમના પરિવારજનો દ્વારા શ્રી રામદેવપીર રામાયણ કથામાં **ફ્રી સર્વરોગ મેગા નિદાન કેમ્પ**નું આયોજન વડવા-પાનવાડી વિસ્તારમાં કરવામાં આવેલ. આ કેમ્પમાં આપણી સંસ્થામાં અગાઉ મોટીવેટર તરીકે કામ કરતા અને હાલ વડવા વિસ્તારના કોર્પોરેટર શ્રી ભારતીબેન બારૈયાએ રૂબેલા રસીકરણ કેમ્પનું આયોજન કરેલ. આ કેમ્પમાં પી.એન.આર. સોસાયટીના મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, સીન. પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર શ્રી જીજ્ઞેશભાઈ પારેખ ઉપસ્થિત રહેલ. શ્રી કેતનભાઈ રૂપેરાએ મંચ ઉપરથી રૂબેલાની અવેરનેસ અંગે માહિતી આપેલ. શ્રીમતી પ્રજ્ઞાબેન દ્વારા રૂબેલા રસીકરણ કરવામાં આવેલ. સેવાભાવી કાર્યકરો દ્વારા પણ રૂબેલાની અવેરનેસ ચાલુ હતી અને આ વિસ્તારના બહેનોએ રૂબેલા રસીકરણ કરાવી વિકલાંગતા અટકાવના આ મહાઅભિયાનમાં યોગદાન આપેલ. પ્રોગ્રામના અંતમાં વ્યાસપીઠ પર બિરાજેલ મહારાજ શ્રી નરેશગિરિ (સુરકાવાળા) દ્વારા પી.એન.આર. સોસાયટીને મેમેન્ટો આપીને સન્માનીત કરવામાં આવેલ.




All India Zonal Co-ordinator Meet on 10th april 2018 at Delhi, Mr. Paras Shah GC Member attend this meet







Meeting of the General Council at Delhi, Mr. Paras Shah attend this meet



# સંક્ષિપ્ત સમાચાર

મહાસુખભાઈ જકડિયા



## પી. એન. આર. હૉસ્પિટલ

**માર્ચ-૧૮ થી એપ્રિલ-૧૮ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહત દરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૩૬૫ | ૩૨ (૧૩ પોલિયો) | જનરલ ઓપીડી | ૧૩૪૦ | - |
| આંખ | ૧૨૨૨ | ૨૫૪ | એક્ષ-રે | ૧૫૨ | - |
| છારી કાઢેલ | - | ૧૦ | લેબોરેટરી | ૭૧૨ (દર્દી) | ૨૦૭૪ (ટેસ્ટ) |
| ઈ.એન.ટી. (કાન,નાક,ગળા) | ૭૩૪ | ૪૦ | રસીકરણ | ૪૦ | - |
| ઓર્થોસ્કોપી | ૩૩ | - | રૂબેલા | ૧૬ | - |
| પ્લાસ્ટિક સર્જરી | ૫૧ | ૦૫ | ચામડી | ૪૯ | - |
| લેસર ટ્રીટમેન્ટ | - | ૦૭ | સાયકાટ્રિક | ૨ | - |
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૨ | ૦૪ | ઓર્થોડેન્ટલ | ૫૮ | ૪૩ |
| ડેન્ટલ | ૧૨૬ | ૭૮ | ઓરલ સર્જન | ૪૦ | ૧૧ |

## માનવ જીવનનું સાફલ્ય શું ?

વીસમી સદીનાં આધ્યાત્મિક ગુરૂ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદજી, જેમનો ગાંધીજી ઉપર પ્રભાવ પડેલ, તેમનાં ફોટાની અનાવરણ વિધિ શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા કેમ્પસમાં શ્રી અરવિંદભાઈ શાહની પ્રેરણાથી શ્રી બાબાભાઈ તથા શ્રી મહાસુખભાઈ જકડિયાના હસ્તે તા. ૨૪-૩ ના રોજ સંપન્ન કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી અરવિંદભાઈનો પરિવાર તથા શ્રી પાઠકભાઈ, શ્રી પંકજભાઈ, અંધશાળા પરિવાર, હર્ષકાંતભાઈ તથા હોસ્પિટલ પરિવાર ઉપસ્થિત રહયાં હતાં તથા શ્રી લાભુભાઈ સોનાણી તરફથી પ્રેરણા સંદેશ પાઠવવામાં આવેલ.






પુ. સ્વામીજીની પી.એન.આર. હોસ્પિટલમાં પધરામણી

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય સરધાર સ્થિત, નિત્યસ્વરૂપદાસજી સ્વામી દ્વારા ચિત્રામાં, મંદિર તથા બોયઝ હોસ્ટેલ નવનિર્વાણ પામી રહી છે. તેમજ તેઓ દેશ-વિદેશમાં પ્રરિભ્રમણ કરી ધાર્મિક કાર્ય કરી રહયાં છે. પુ. સ્વામીજી પી.એન.આર. હોસ્પિટલમાં તા. ૧૬-૩ ના રોજ પધરામણી થતાં, હોસ્પિટલનાં ચેરમેન શ્રી મહાસુખભાઈ, ડો.જનક શાહ તથા સ્ટાફ તરફથી સ્વાગત કરાયેલ હતું. સાથે ટ્રસ્ટી શ્રી ત્રિકમભાઈ પટેલ અને અન્ય મહેમાનો સાથે હોસ્પિટલમાં થતી સારવાર અંગે દરેક વિભાગની મૂલાકાત લઈ, સ્વામીજી એ દર્દીઓની સુખાકારી માટે પ્રાર્થના કરેલ તથા હોસ્પિટલનાં દર્દીઓની સહાય માટે રૂા. ૨૧,૦૦૦/- અનુદાનનો ચેક, મહાસુખભાઈને અર્પણ કરેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ પારસ શાહ



## PNR, IMPACT-UK, Dalal Family Foundation-USA પાર્ટનરશીપ પ્રોગ્રામ, પ્રિવેન્શન

### ૧) રૂબેલા (નૂરબીબી) પ્રિવેન્શન :-



પી.એન.આર.સોસાયટી તથા ધ દલાલ ફેમિલી ફાઉન્ડેશન, યુ.એસ.એ. દ્વારા સંચાલિત, **પ્રવિણચંદ્ર દલાલ ડિસેબિલિટી સેન્ટર**ના રૂબેલા પ્રિવેન્શન પ્રોજેકટના સ્પોન્સર ECH JAY



Industries - Mumbai દ્વારા, વિકલાંગ બાળ જન્મ અટકાવ અભિયાન, વર્ષ ૨૦૧૮-૧૯ ના એપ્રિલ થી મે-૧૮ દરમ્યાન



ભાવનગર જિલ્લાની શાળામાં રૂબેલા રસીકરણ કેમ્પ કરેલ, વડોદરા, ગાંધીનગર તથા અમરેલી જિલ્લા વિગેરેમાં જયાં કોઈ જાતની રૂબેલા અવેરનેસ ન હતી, તેવા વિસ્તારમાં **૨૧૫૦** કુલ લાભાર્થીઓને અવેરનેસ આપી **૨૨૫** બહેનોને રૂબેલા રસીકરણ કરી, સુરક્ષિત કરવામાં આવ્યાં.

### ૨) પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :-

એપ્રિલ થી મે-૨૦૧૮ **એક પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ **૩૨** બાળકોને તપાસી તથા લેસર ટ્રીટમેન્ટ માટેના નિદાન કરી, કુલ **૯** બાળકોના ફ્રી ઓપરેશન કરી આપવામાં આવ્યાં છે. જેમાં **૩ કપાયેલાં હોઠના, ૩ તાળવામાં કાણાંના, ૧** હાઈપોસ્પીડિયા, તેમજ **૨** પોસ્ટ બર્ન ઓપરેશન, મુંબઈનાં ડૉ.નરેશ વાઘવાએ કર્યા હતાં. તેમાં હેર રીમુવલ, સ્કાર પીગમેન્ટેશન, ટેટુ રીમુવલ વિગેરેનાં દર્દીઓ, આ અત્યાધુનિક યુનિટનો લાભ લઈ રહયાં છે. તેમજ કોસ્મેટિક સેન્ટરમાં હેર ટ્રાન્સપ્લાન્ટ માટે નિદાન, માર્ગદર્શન તથા રજીસ્ટ્રેશન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ડૉ.નરેશ વાઘવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા તથા ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક), પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.


### ૩) મોતિયાનો નિદાન અને સારવાર કેમ્પ :-

એપ્રિલ થી મે - ૨૦૧૮ દરમ્યાન પી.એન.આર.હોસ્પિટલનાં **"શ્રીમતી જયાલક્ષ્મી વૃજલાલ મહેતા તથા શ્રી વૃજલાલ ઓધવજી મહેતા-અમરેલીવાળા"** આંખ વિભાગ દ્વારા, હોસ્પિટલ ખાતે નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ બે મહિનામાં તા. ૫-૫ ના રોજ, એસ. ટી. ડિવીઝનના ડેપો મેનેજર તથા એસ. ટી. યુનિયનના સહયોગથી, પી.એન.આર સોસાયટી દ્વારા **વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ** નું આયોજન કરવામાં આવેલ હતું. પી.એન.આર. હોસ્પિટલનાં આંખ વિભાગમાં **૫૨૬** ની ઓ.પી.ડી. કરવામાં આવી. જરૂરિયાતમંદ લોકોને દવા, ટીપાં વગેરે વિતરણ કરેલ હતું. **૧૦૭** લાભાર્થીને વિનામૂલ્યે લેન્સ બેસાડી તથા **૪૫** લાભાર્થીને રાહત દરે ફોલ્ડેબલ લેન્સ બેસાડી, મોતિયાનાં ઓપરેશન કરી આપવામાં આવેલ હતાં. તેમજ **૧૦** દર્દીઓની છારી કાઢી આપવામાં આવી હતી.



# સંક્ષિપ્ત સમાચાર

✍ જીજ્ઞાબહેન શાહ



## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### સર્વોત્તમ ડેરીની મુલાકાત



શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત DSE (સી.પી.) કોર્સના વિદ્યાર્થી શ્રી નયનાબેન પરમાર દ્વારા, નટરાજ સી.પી. સ્કૂલના ધોરણ ૫ થી ૮ના અને વિકાસ પ્રોજેકટના વિદ્યાર્થીઓની, સિહોર સ્થિત સર્વોત્તમ ડેરીની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમની સાથે સ્કૂલના મદદનિશ શિક્ષક શ્રી વરૂણભાઈ વ્યાસ અને શ્રી અંજલીબેન જોગલેકર રહયાં હતાં. સંસ્થાની બસ દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકો સવારે ૧૦:૩૦ કલાકે પહોચતાં, મેનેજરશ્રી મહેશભાઈ પનોતના માર્ગદર્શન હેઠળ, શ્રી શિયાળભાઈએ વિદ્યાર્થીઓને પ્લાન્ટની મુલાકાત કરાવેલ, જેમાં દૂધને ઠંડૂ કરી, તેને ગરમ કરી પેશ્ચ્યુરાઈઝડ કરવાનું મશીન બતાવેલ. મુલાકાત પૂર્ણ થયા બાદ, વિદ્યાર્થીઓને દૂધનો સ્વાદ કરાવ્યો હતો. અભ્યાસ સાથે સંકળાયેલ આ વિશેષ પ્રવૃત્તિને સી.પી. સ્કુલના વિદ્યાર્થીઓએ પ્રત્યક્ષ નિહાળી રોમાંચક અનુભવ કર્યો હતો.

### શ્રી બાબાભાઇના જન્મદિવસની ઉજવણી

શ્રી પી.એન.આર. સોસાયટીના ફાઉન્ડર ટ્રસ્ટી એવા શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ)ના જન્મદિવસની ઉજવણી, સંસ્થાના બાળકો તથા સ્ટાફે **કેક કાપી** કરી હતી. ઉપસ્થિત સ્ટાફ અને વિદ્યાર્થીઓએ શુભેચ્છા પાઠવી હતી.

### સ્ટેન્સિલ પેઇન્ટિંગનો ફ્રિ વર્કશોપ

તા. ૧૦-૪ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલમાં, એક **સ્ટેન્સિલ પેઈન્ટિંગના ફ્રિ વર્કશોપ**નું આયોજન કરવામાં આવેલ. જેના અંતર્ગત, અમરીનબેન શેખ દ્વારા ટી-શર્ટ તથા કાપડની થેલી પર સુંદર સ્ટેન્સિલ પેઈન્ટિંગ કરતાં શીખવ્યું હતું. આ વર્કશોપમાં ક્રાફટ ટીચર્સ તથા સ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. સી.પી. બાળકોમાં કલાના માધ્યમથી વધુ સર્જનાત્મકતા પ્રેરાય તે માટે, આ પ્રસંગે અમરીનબેન શેખ દ્વારા સંસ્થાને હોબી આઈડિયા કંપનીની, ઈઝી ક્રાફટ બૂકસ ભેટ આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સી.પી. સ્કૂલના મદદનીશ શિક્ષક શ્રી તૃપ્તિબેન મહેતા દ્વારા કરવામાં આવેલ હતું.

### દાતાશ્રીની મુલાકાત

તા. ૧૬/૪ ના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી.સ્કૂલમાં, શ્રી ભરતભાઈ ભટ્ટ, ચેતનાબેન ભટ્ટ અનેશ્રી બિંદિબેને મૂલાકાત લીધી હતી. તેમણે નટરાજ સી.પી. સ્કૂલની સમૂહ પ્રાર્થના દરમ્યાન ધો. ૫ થી ૮ના વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેકનોલોજીમાં રૂચિ દર્શાવવા બદલ અભિનંદન પાઠવી, સાયન્સ કીટ ભેટ આપી હતી. સાયન્સ લેબમાં મુલાકાત પ્રસંગે શ્રી ખેવનાબેન ઓઝાએ, બાળકો દ્વારા થતાં પ્રયોગો મોડલની માહિતી આપી હતી.

### દાતાશ્રી દ્વારા સંસ્થાના બાળકો સાથે જન્મદિવસની ઉજવણી



તા. ૧૭-૪ ના રોજ સંસ્થાના દાતાશ્રી અંબીકાબેન ટેકરીવાલ સંચાલિત, **આર્ટિસ્ટ ડેન હોબી સેન્ટર**ના બાળકોએ સી.પી.સ્કૂલ, ઓટિઝમ પ્રોજેકટ, વિકાસ પ્રોજેકટમાં અભ્યાસ કરતાં બાળકો સાથે જન્મદિવસની ઉજવણી કરી હતી. અને જે બાળકોના જન્મદિવસ હોય તેમને ગિફટ આપવામાં આવી હતી.

### ભાવનગરનો જન્મદિવસ

તા. ૧૭-૪ ના રોજ સૌરાષ્ટ્ર સમાચાર દ્વારા, ભાવનગરના

૨૯૬માં જન્મદિવસની ઉજવણી, વિકલાંગ બાળકોની સેવા કરતી પી.એન.આર. સોસાયટી તથા તેની સંલગ્નિત સંસ્થાઓના બાળકો સાથે ઉજવવાનું આયોજન, મહાવિર ઓડિટોરીયમ, શ્રી ખી. લ.બહેરાં-મુંગા શાળા, વિદ્યાનગર ખાતે કરવામાં અવ્યું. જેમાં સી.પી. સ્કૂલના હોસ્ટેલમાં રહેતા બાળકોએ ભાગ લીધો હતો. તેમની સાથે સ્કૂલના મદદનિશ શિક્ષક શ્રી વરૂણભાઈ વ્યાસ અને શ્રી કાર્તિકભાઈ વ્યાસ રહયાં હતાં.

## સમૂહ મનોરંજન

તા. ૨૩/૪ ના રોજ પી.એન.આર. સોસાયટી, શ્રી ખી.લ. બહેરાં-મુંગા શાળા, અંકુર મંદબુદ્ધિવાળા બાળકોની શાળાના સ્ટાફને સમૂહમાં એન્ટીટેન્મેન્ટ પાર્ક ખાતે, **ચલ મન જીતવા જઈએ** જેવી વારસાગત મૂલ્યોને વાચા આપતી ફિલ્મના ખાસ શોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સમર કેમ્પ

નટરાજ સી.પી. સ્કૂલમાં, તા. ૧૭ થી ૨૬ એપ્રિલ દરમ્યાન **સમર કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં સી.પી. સ્કૂલના વિદ્યાર્થીઓને યોગા, સ્ટેન્સીલ પેઈન્ટીંગ, વુડન કી-સ્ટેન્ડ, સી.ડી. માંથી કી-સ્ટેન્ડ, કલે વર્ક, હાઈડ્રોથેરાપી, સલાડ ડિશ-ફ્રૂટ ડિશ ડેકોરેશન, વાર્તા, વિવિધ વાનગી બનાવવી, જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ.

આ સમર કેમ્પમાં વિદ્યર્થીઓએ ખુબજ ઉત્સાહભેર ભાગ લીધેલ. તા. ૨૩-૪ ના રોજ, **વોકેશનલ આર્ટ વર્કશોપ**નું આયોજન કરવામાં આવેલ. આ વર્કશોપમાં વુડન કી-સ્ટેન્ડ તથા પેપરબેગ બનાવતા શીખવવામાં આવેલ.

આ વર્કશોપમાં ૭ શિક્ષકો, ૧૦ હાઈટેક સ્કૂલનાં સમધારણ બાળકો, ૧૬ દિવ્યાંગ બાળકો મળીને કુલ ૩૩ વ્યક્તિઓએ ભાગ લીધેલ. આ વર્કશોપમાં શ્રી વિજયભાઈ બારૈયા તથા તેમના વિદ્યાર્થીની શ્રી પુજાબેન શાહે તમામ વસ્તુઓ ધીરજ પૂર્વક સંકલન કરી, વિદ્યાર્થીઓને તાલીમ આપી હતી.

## રમતગમતમાં સિધ્ધિ

સ્કૂલનાં વિદ્યર્થીઓ CEREBRAL PALSY SPORTS ASSOCIATION OF INDIA, NEW DELHI દ્વારા પ્રથમ સી.પી. રાષ્ટ્રીય રમતોનું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવેલ, તેમાં ૧૦૦ મીટર રનમાં ઠેબા સકરાણી મુસ્તાક જે. એ ગોલ્ડ મેડલ; વિંઝુડા પંકજ એચ. એ સિલ્વર મેડલ; બારૈયા સંદિપ જે. એ બ્રોન્ઝ મેડલ; ભીલ કપિલ જી. એ બ્રોન્ઝ મેડલ તથા ૨૦૦ મીટર રનમાં જાદવ હરદેવ આર. એ ગોલ્ડ મેડલ, ત્રિવેદી કાર્તિક એમ. એ ગોલ્ડ મેડલ અને પરમાર અરવિંદ આર. એ બ્રોન્ઝ મેડલ મેળવી ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો.




## કલે વર્કશોપ

તા. ૨૪-૪ ના રોજ, **કલે વર્કશોપ**નું આયોજન કરવામાં આવેલ. આ કલે માંથી ગુલાબ, મોર, કુદરતી દ્રશ્ય, વિવિધ ફળો તથા સ્માઈલી બનાવતા શીખવવામાં આવેલ. આ વર્કશોપમાં ૨૪ વ્યક્તિઓએ ભાગ લીધેલ. આ વર્કશોપની વિવિધ વસ્તુઓ શીખવવા માટે કેમલીન કંપનીના શ્રી નિલેશભાઈ પટેલે ખાસ અમદાવાદથી સંસ્થાની મુલાકાત લઈ, દરેકને રૂચિપૂર્વક બનાવતા શીખવી હતી.






# સંક્ષિપ્ત સમાચાર

✍ કૌશિક પરમાર



## એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ

### દિવ્યાંગ તાલીમાર્થી હિતેષ ઓઝાની કલમે



મારે એક હાથ અને એક પગમાં ખોડ છે, તેથી ખૂબ મૂશ્કેલી પડવા છતાં, એક હાથે કોમ્પ્યુટર કી-બોર્ડ ઉપર ટાઈપિંગ કરું છું. પહેલાં અશકય લાગતી વાત આજે શકય બની છે.

નાનપણથી જ કોમ્પ્યુટર ઉપર કામ કરવાનો શોખ, પિતા નોકરીયાત અને ઘરે કોમ્પ્યુટર નહીં, પણ 'મન હોય તો માળવે જવાય' એવી કહેવતને સાર્થક કરવા, ઘરે જુનું કોમ્પ્યુટર વસાવ્યું. જાતે શીખવાના પ્રયત્નો કર્યા. શીખવનાર કોઈ નહીં, તેથી જલ્દી આવડે નહીં. જો કે કોમ્પ્યુટરમાં કામ કરવાની ઈચ્છાશકિત મજબૂત એટલે જયારે ન ખબર પડે ત્યારે બીજા કોઈને પૂછીને શીખવાનું શરૂ રાખ્યું. એમ, ગમે તેમ કરીને પણ કોમ્પ્યુટરનું પ્રાથમિક જ્ઞાન મેળવ્યું. નોકરી માટે ઘણી જગ્યાએ અરજીઓ કરી, પણ હાથ અને પગની ખોડને કારણે જલ્દી કોઈ કામ આપે નહીં.

ત્યારબાદ, પી. એન. આર. સોસાયટીમાં, ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યા ખાલી છે, તેવું વર્તમાનપત્ર દ્વારા જાણ્યું. અરજી કરી, ઈન્ટરવ્યુ આપ્યો અને સિલેકશન થયું. સરકારની "નિરામયા" યોજના અંતર્ગત ફોર્મની વિગતોની ડેટા એન્ટ્રી કરી, ઈન્ટરનેટ ઉપર અપલોડ કરવાનું કામ કર્યું. પણ આ કામ મર્યાદિત સમય માટે હતું. તે દરમ્યાન માહિતી મેળવી કે, પી. એન. આર. સોસાયટી સંચાલિત, એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં, વિકલાંગો માટે કોમ્પ્યુટર કોર્સ કરાવવામાં આવે છે, તે જાણીને તરત જ એડમિશન મેળવ્યું. પૂરી ધગશથી કોર્સ કર્યો અને કાબેલિયત મેળવી. તાલિમ પૂર્ણ થતાં જ, પી. એન. આર. સોસાયટીની વહિવટી ઓફિસમાં ગુજરાતી ટાઈપિસ્ટની જરૂર હોઈ, અરજી કરી અને તેમાં પણ ઈન્ટરવ્યુ દરમ્યાન મારું સિલેકશન થયું. એક હાથે ટાઈપ કરું છું, ભુલોનું કરેકશન કરું છું. હું નોકરીમાં નિયમિત રહું છું, નમ્રતા સાથે કામગીરી બજાવું છું.





વાત હવે શરૂ થાય છે. આપ જે "કોશિશ થી કામયાબી" મેગેઝીન વાંચી રહયાં છો તે પુસ્તિકાનું ટાઈપિંગ કામ મેં કરેલ છે. વાત અહીં પણ અટકતી નથી. મારાં મનોબળને મક્કમ રાખી, હું નોકરી કરતાં કરતાં, સરકારી નોકરીઓ જેવી કે રેલ્વે, પોસ્ટ, ગુજરાત ગૌણ સેવા પસંદગી વગેરે જગ્યાઓમાં અરજીઓ પણ કરું છું અને લેખિત પરીક્ષાઓ પણ આપું છું. મારી સફળતા બદલ પી.એન.આર. સોસાયટી દ્વારા વર્ષ ૨૦૧૪ માં મને સન્માનિત કરવામાં આવેલ. મને સ્વનિર્ભર બનાવવા બદલ હું એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કનો આભારી છું.






# સંક્ષિપ્ત સમાચાર

✍ ડૉ. ધીરુભાઈ ધંધુકિયા



## 'હાઈટેક' બાલમંદિર અને પ્રાયમરી સ્કૂલ

### મુલાકાત

◈ તા. ૧૭-૪ ના રોજ શ્રી ભરતભાઈ ભટ્ટ, શ્રીમતી ચેતનાબેન ભટ્ટ અને શ્રીમતી બિંદીબેન મહેતાએ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ સાથે, હાઈટેક પ્રાયમરી સ્કૂલની મુલાકાત લીધેલ અને તેઓએ **ઈનક્લુઝિવ એજ્યુકેશન** અંગે માહિતી આપેલ.

◈ તા. ૨૬-૪ ના રોજ સરદાર પટેલ સ્કૂલના બાળકો, બાલમંદિરના બાળકો અને શિક્ષકોએ, હાઈટેક સ્કૂલની મુલાકાત લીધેલ. જેમાં ૩૭ જેટલાં બાળકો અને ૨૦ જેટલા શિક્ષકો આવેલ. બાળકોને ફૂડ પેકેટ વિતરણ કરેલ, તેમજ શિક્ષકોને નાસ્તો કરાવેલ.

### વાર્ષિકોત્સવનું આયોજન

તા. ૨૭-૪ ના રોજ હાઈટેક સ્કૂલના વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. જેમાં શ્રી એ. એસ. ચૌધરી (Executive Engineer-PGVCL), શ્રી જે. કે. ડામોર (Deputy Engineer-PGVCL) તથા એ. જી. તન્નારાણા સાહેબે હાજરી આપેલ. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.

### ઉજવણી

તા. ૧૮-૪ ના રોજ બહેરાં-મૂંગા ખાતે, **ભાવનગરનો જન્મદિવસ** ઉજવાયો. જેમાં હાઈટેક પ્રાયમરી સ્કૂલના બાળકોએ ભાગ લીધેલ.

### સમર કેમ્પનું આયોજન

તા. ૨૫-૪ ના રોજ ડ્રોઈંગ કોમ્પીટીશન, કલેવર્ક, ડાન્સ, સ્કેટિંગ, સ્ટેનશીલવર્ક, પેપર બેગ પેકિંગ, કી સ્ટેન્ડ મેકિંગ, આર્ટ એન્ડ ક્રાફ્ટ વગેરે પ્રવૃત્તિઓનો સમાવેશ કરેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલ ત્રિવેદી



## શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

**૧.** તા. ૧-૪ ના રોજ અક્ષર ટ્રસ્ટ, વડોદરા મુકામે, બધિર બાળકોની શાળાઓના સંચાલક મંડળની મિટીંગ યોજાઈ. જેમાં આપણી શાળાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, આચાર્ય શ્રી પ્રજ્ઞાબેન તથા શ્રી ઈલાબેન તેમજ, શિક્ષક શ્રી કવિતાબેને હાજરી આપેલ.

**૨.** તા. ૫-૪ ના રોજ શાળામાં ચિત્તરંજન ચોક, દેરાસરના જૈન મુનીશ્રી પધારેલ. તેઓએ બાળકોને આશીર્વચન પાઠવેલ. તેઓશ્રીએ બાળકોને પ્રેરણા મળે તેવી વાતચીત કરેલ.

**૩.** એપ્રિલ માસમાં શાળાના પ્રાથમિક વિભાગ તેમજ માધ્યમિક વિભાગના બાળકોની પરીક્ષા લેવાયેલ. આ પરીક્ષામાં બાળકોએ ઉત્કૃષ્ટ દેખાવ કરેલ. તા. ૨૮-૪ ના રોજ પરિણામ અને વાલી મિટીંગનું આયોજન થયેલ. જેમાં બહોળી સંખ્યામાં વાલીઓ હાજર રહયાં હતાં. જેમાં વર્ષ દરમિયાન શાળામાં થયેલી પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી, ગૃહમાતાશ્રી તથા મંત્રીશ્રી દ્વારા, વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ.

**૪.** તા. ૧૭-૪ ના રોજ ભાવનગરના જન્મદિવસની ત્રિ-દિવસીય ઉજવણીનો **ગંગાજળીયા કાર્નિવલ** યોજાયો. બોરતળાવ કૈલાસવાટીકામાં યોજાયેલ વિવિધ કાર્યક્રમોમાં, માધ્યમિક શાળાના ૫૩ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ મુલાકાત લીધેલ. વિદ્યાર્થીઓ માટે આ મુલાકાત યાદગાર બની ગઈ હતી.

**૫.** 
તા. ૩૦-૪ સુધી શાળામાં શિક્ષકો દ્વારા **"જ્ઞાનગોષ્ઠિ"** કાર્યક્રમ યોજાયેલ. જેમાં જુદાં-જુદાં શિક્ષકોએ વર્ષ દરમ્યાન રજૂ કરેલ પેપર પ્રેઝન્ટેશન વિશે, **સાઈન લેંગ્વેજ અપડેશન** રજૂ કરેલ. સંસ્થાના મોભી શ્રી બાબાભાઈ તથા મંત્રી શ્રી અશ્વિનભાઈએ પોતાના અનુભવો તેમજ જ્ઞાનથી શિક્ષકોને સમૃધ્ધ બનાવ્યાં. તેમજ શિક્ષકોના પ્રશ્નોના નિરાકરણ માટે ચર્ચા કરેલ.



# સંક્ષિપ્ત સમાચાર

ભક્તિ મહેતા



શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા

## શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા

### ભાવેણાના જન્મદિવસની ઉજવણી...



શ્રી ખી. લ. બહેરાં-મૂંગા શાળામાં સૌરાષ્ટ્ર સમાચાર-દિવ્ય ભાસ્કરની ટીમે, ભાવેણાના જન્મદિવસની ઉજવણી દિવ્યાંગ બાળકોની સાથે ઉજવીને, એક અનોખી લાગણી બતાવી હતી. સૌરાષ્ટ્ર સમાચાર વર્તમાન પત્રના સંસ્થાપક શ્રી પ્રતાપભાઈ ટી. શાહની ઈચ્છા, ભાવનગરના ૨૯૯મો ભાવેણાનો જન્મદિવસ શાળાના બાળકો સાથે ઉજવવાની હતી. તેથી તેમની સમગ્ર ટીમે સુંદર અને સ્વાદિષ્ટ કેકની વ્યવસ્થા કરી અને સંસ્થાના મહાવીર ઓડિટોરીયમમાં નાના-ભૂલકાના હસ્તે કેક કાપી ઉજવાયેલાં ભાવનગરના જન્મદિવસમાં, સંસ્થાના વડીલશ્રી બાબાભાઈ, શ્રી મફતભાઈ, શ્રી જીતુભાઈ, મંત્રી શ્રી અશ્વિનભાઈએ વિશેષ હાજરી આપેલ. ત્યારબાદ શાળાના ક્રિડાંગણમાં બાળકોના હસ્તે ફુગ્ગાઓ આકાશમાં છોડવામાં આવ્યાં. બધાંજ બાળકોએ આ ઉજવણીમાં ખૂબ આનંદ માણ્યો અને સ્વાદિષ્ટ કેક ખાધી. સંસ્થાએ સૌરાષ્ટ્ર સમાચારની સમગ્ર ટીમનો ખૂબ આભાર માન્યો અને શ્રી પ્રતાપભાઈ શાહે ભાવેણાનો ૩૦૦મો જન્મદિવસ પણ આ બાળકો સાથે ઉજવવામાં આવે, તેવી શુભેચ્છા પાઠવેલ.

### એક દિવસીય વર્કશોપ

તા. ૩૦-૪ થી તા. ૫-૫ **"જ્ઞાનગોષ્ઠિ"** કાર્યક્રમ યોજાયેલ. જે અંતર્ગત એક દિવસીય વર્કશોપમાં (૩ મે) બ્લાઈન્ડ પીપલ એસોસિએશનના એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર શ્રીમતી નંદિનીબેન રાવળ તથા BPA ના પ્રોગ્રામ મેનેજર શ્રી ભરતભાઈ જોશી પધારેલ. શ્રી નંદિનીબેન રાવળે "syndroms & rehab understanding of multi sensory impairment including deafblindness" તથા "child abuse" વિષય પર ખૂબ ઊંડાણપૂર્વક સમજણ આપી હતી. પોતાના ક્ષેત્રમાં ૪૧ વર્ષનો અનુભવ ધરાવતાં શ્રી નંદિનીબેને પોતાનું જ્ઞાન આપી, સૌને રીચાર્જ કર્યા. તેમજ શ્રી ભરતભાઈ જોશીએ "ROPWD" વિશે તુલનાત્મક માહિતી આપેલ. આ એક દિવસના વર્કશોપમાં શિક્ષકોએ ઘણી બધી માહિતી મેળવી હતી. સંસ્થાના મંત્રીશ્રીએ મહેમાનોનો આભાર માન્યો હતો અને ભવિષ્યમાં પણ તેઓ સંસ્થામાં માર્ગદર્શન આપે, તેવી ઈચ્છા વ્યકત કરી હતી.

### વર્ષ ૨૦૧૮ "૭મું મહા અન્નદાન"

શ્રી ખી. લ. બહેરાં-મૂંગા શાળા સંચાલિત, **"શ્રીમતી રશ્મિ-મનહર સહાયનિધિ કોર્પસ ફંડ"** નીચે આર્થિક રીતે નબળા અને નાની-મોટી મજુરી કામ કરતાં પુખ્ત બહેરાં-મૂંગા ૧૧૩ લાભાર્થી અને તેમના ૩૨ બાળકોને તેમને આખુ વર્ષ ચાલે તેટલું અનાજ અને જીવન જરૂરિયાતની વસ્તુ રાહતદરે વિતરણ કરવા તા. ૨૯/૪/૨૦૧૮ના **"૭મું મહા અન્નદાન"** નું આયોજન કરેલ, જેમાં દરેક લાભાર્થી તથા બધાં બાળકોને સ્ટેશનરીની બધી આઈટમ ઉપરાંત લંચ બોક્ષ, વોટરબેગ અને સ્કૂલબેગ આપવામાં આવેલ છે. તેમજ દરેક લાભાર્થીઓને પાકી કેરીનું પેકેટ પણ મહેમાનોના હસ્તે આપવામાં આવેલ. આ મહાઅન્નદાનમાં અતિથિ વિશેષ તરીકે શ્રી ગીતાબેન એ. પંડયા તથા શ્રી મૃદુલાબેન જે. મહેતા આવેલ અને દાતા શ્રી હિરાભાઈ સચદેવ, શ્રી મહેન્દ્રભાઈ કે. મહેતા તથા શ્રી અરૂણભાઈ પી. લાઠી અને શ્રી શ્રીચંદભાઈ વાધવાની અને તેમનો પરિવાર આવેલ અને આ પ્રવૃત્તિ નિહાળી તેઓ ખૂબ પ્રભાવિત થયેલ. સંસ્થાના વેલ્ફેર ઓફિસર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદીએ આ યોજના અંગેની માહિતી આપેલ, મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા તથા ટ્રેઝરર શ્રી જીતુભાઈ શાહ અને શ્રી જીતુભાઈ સી. મહેતા, પ્રિન્સિપાલ શ્રી પ્રજ્ઞાબેન ત્રિવેદી તથા શ્રી મીતાબેન ઓઝા અને શ્રી ચારૂબેન મોદીએ બધાં મહેમાનોનું શાલ ઓઢાડી સન્માન કરેલ.





# સંક્ષિપ્ત સમાચાર

✍ કીર્તિબેન ચાવડા



## શ્રીમતી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય

**૧.** ધો. ૧૦ ના ૨૦ અને ધો. ૧૨ ના ૧૩ વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા આપવા જતાં સમયે. કુમકુમ તિલક કરી, શુકનવંતા દહિં-સાકર ખવરાવી શુભેચ્છા-આશિર્વાદ અપાયા, રોજ નવી-નવી વાનગીઓ પીરસવામાં આવી, રાત્રે મોડે સુધી વાંચી શકે તે માટે એક માસ પહેલાથી રાત્રે ચાની વ્યવસ્થા કરવામાં આવી. ગૃહમાતાએ-ઓ.એસ. પરિવાર તરફથી, 'કુછ મીઠાં હો જાયે' અને પેન સેટ ભેટ અપાયાં.





**૨. પ્રેરક પ્રામાણિકતા-સંસ્કાર :** સી.એમ.પી. છાત્રાલય પ્રાંગણમાંથી, એચ.સી.જી.ના હાર્ટ સ્પેશ્યાલીસ્ટ ડૉ. સિધ્ધરાજસિંહ વાળાનું અંદાજે ૬-૭ હજારની રોકડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ વિગેરે સાથેનું પાકિટ જયદીપ આદુવાણી અને વિદ્યાર્થીઓને મળતાં, તુરત જ ગૃહમાતા-ઓ.એસ.ની પાસે લઈ આવેલ. પાકીટમાંથી નામ-નંબર મળતાં ડૉકટરશ્રીનો સંપર્ક કરતાં, તેઓ નજીકના બંગલામાં રહેતાં હતાં, રૂબરૂ આવ્યાં બાળકોના સંસ્કાર, પ્રામાણિકતાની પ્રસંશા કરી રૂા. ૬૦૦૦/- ની રોકડ સંસ્થા ખાતે દાનમાં લેવા, ઓ.એસ. શ્રી સૂર્યકાંતભાઈ ચાવડાને અર્પણ કરી.

**૪.** તા. ૧૮-૩ ચેટીચાંદના દિવસે ધો. ૧૨ના વિદ્યાર્થીઓ ઝુલેલાલદાદાના દર્શને ગયા અને પ્રસાદ લીધો હતો.

**૩.** તા. ૨૪-૩ ઈનરવ્હીલ કલબના પ્રમુખ શ્રી ચેતનાબેન કોઠારી દ્વારા સંસ્થાના વિદ્યાર્થીઓ માટે ટાઈ એન્ડ ડાઈનો એક વર્કશોપ રાખવામાં આવેલ, જેમાં સી. એમ. પી. હોસ્ટેલના વિદ્યાર્થીઓ મનહર, હાર્દિક, ચંદુ, રણજીત, સાગર જોડાયાં હતાં અને તાલીમ લીધી હતી.

**૫.** તા. ૮-૨ થી તા. ૧૦-૨ બોમ્બે રાઉન્ડ ટેબલ-૧૯ દ્વારા યોજાયેલ સાયલો ઓલ્મ્પિયાડમાં, ગોપીરાજ ગોહિલે ૪૦૦ મીટર દોડ, લોંગ જમ્પ તથા ૪ × ૧૦૦ રીલેમાં ભાગ લીધો હતો.

**૬.** ૧૧ વિદ્યાર્થીઓને શિશુપાલક યોજના અન્વયે લાભાન્વિત કરાયાં.

**૭.** ખેલ મહાકુંભ ૧૪/૧૧/૧૭ ચેસમાં મિત ચોલેરા, લખન ઠકકર, જેનીશ પોપટ, કિશન સોલંકી, હાર્દિક સિસોદીયા એમ પાંચ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. વોલીબોલમાં ધવલ મિસ્ત્રી, મિલન ગોદવાણી, રહીમ કુમકિયા, રાજન ધંધુકિયા, માધવ જોષી, શુભમ જોષી, આનંદ હેરુવાલા, ૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. એથ્લેટિકસમાં ગોપીરાજ ગોહિલ, શાહનવાઝ મહેંતર, સંદીપ દેગામા, ચંદુ પ્રજાપતિ, મુકેશ વાઘેલા, સાગર જેસાણી, પ્રતિપાલ કેવલ ઠકકર, સંજય ઓડ, આશિષ શર્મા, પ્રિયાંક હિરપરા ૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

**૮.** તા. ૧-૪ ચેસ ટુર્નામેન્ટ ભાવનગરમાં મિત ચોલેરા, લખન ઠકકર, હિતેશ ગઢવી, સોહિલ, હાર્દિક સિસોદીયા, ગોપીરાજ ગોહિલે ભાગ લીધેલ.





# સંક્ષિપ્ત સમાચાર

નેહલ ગઢવી



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા તથા સ્વ. ભાવસાર ખમાલક્ષ્મીબેન દેવચંદભાઈ તળાજીયા

## 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા

### સાંસ્કૃતિક કાર્યક્રમ




'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા દ્વારા, યશવંતરાય નાટયગૃહ ખાતે, યુવરાજશ્રી જયવિરરાજસિંહ ગોહિલ, શ્રી નિશિથભાઈ મહેતા, શ્રી અશોકભાઈ શેઠ, શ્રી પિયુશભાઈ તંબોલી, શ્રીમતી વિશાખાબેન તંબોલી તથા શ્રી ભૂપતસંગ પરમારના અતિથિ વિશેષપદે, તા. ૨૪-૩ ના રોજ 'જીવનનો ધબકાર' શીષર્ક હેઠળ, સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના બાળકો દ્વારા એકથી એક ચઢિયાતી કૃતિઓ રજૂ કરી ઉપસ્થિત પ્રેક્ષકોની સરાહના મેળવેલ. આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ, સમગ્ર સ્ટાફ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવેલ.



### 'અંકુર' ના બાળકોનો મુંબઇ-ઈમેજીકા પ્રવાસ

તા. ૨૮-૪ થી તા. ૨-૫ દરમ્યાન, 'અંકુર' મંદબુધ્ધિના બાળકોની વિશિષ્ટ શાળા દ્વારા, મુંબઈ-લોનાવાલા ખાતે પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. જેમાં બાળકોએ લોનાવાલા-ઈમેજીકા, વોટરપાર્ક વગેરેમાં ખૂબજ આનંદની પળો માણેલ. આ પ્રવાસમાં શાળાના કુલ ૮૩ બાળકો તથા ૨૯ સ્ટાફ મિત્રો જોડાયેલ. દાતાઓ તથા શુભેચ્છકોના આર્થિક સહયોગથી આ પ્રવાસનું આયોજન કરવામાં આવેલ.



### નિલમબાગ પેલેસની મુલાકાત

'અંકુર' શાળાના મંદબુધ્ધિના બાળકોએ, ભાવનગરના યુવરાજશ્રીના આમંત્રણને માન આપી, નિલમબાગ પેલેસની તા. ૧૮-૪ ના રોજ મુલાકાત લીધેલ. જેમાં કુલ ૭૫ બાળકો તથા સ્ટાફે પેલેસની મુલાકાત લઈ મ્યુઝિયમતથા તેમના વિવિધ વિભાગો વિષે માહિતી મેળવેલ.



# ૧ એપ્રિલ '૧૮ થી ૩૧ મે '૧૮ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

| | |
|---|---|
| Shri Mukundbhai C. Majmudar, Baroda | 5,000 |
| Shri Kirti Anantrai Bhuta, Mumbai | 25,000 |
| M/s B. K. Parekh Parkinson's Disease & Movment Disorder, Mahuva | 36,000 |
| Shri Lilavantiben Vithaldas Vora, Bhavanagr | 2,500 |
| Shri Ambikaben Tekariwal, Bhavnagar | 6,000 |
| Shri Yogeshbhai Vedani, Bhavnagar | 2,000 |
| Shri Nayesha Mangalani, Bhavnagar | 2,000 |
| Shri Madgavkar Trust, Mumabi | 50,000 |
| Shri Rasilaben Harsukhlal Bapulal Shah Memorial Charitable Trust, Mumabi | 27,000 |
| Shri Bhagwadas M. Parikh, Bhavnagar | 51,000 |
| Shri Upendrabhai J. Trivedi, Mumbai | 10,000 |
| M/s Karp Impex Limited, Mumbai | 500,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | |
|---|---|
| M/S. Kiritbhai Gandhi & Gandhi Elec. - Bhavnagar | 5000 |
| Late Shri Vijaylaxmiben Ramniklal Ajmera - Bhavnagar | 5000 |
| Shri Ramlal Kawarlal Jain - Chennai | 50000 |
| M/S. Aarjav Jain C/O. Survesh Jain - Bhavnagar | 5000 |
| Late Shri Kailasben Kantilal Parekh - Bhavnagar | 16300 |
| Shri Dilipbhai Vasudev Pandya - Bhavnagar | 2750 |
| M/S. Saurashtra Samachar-divya Bhaskar - Bhavnagar | 5000 |
| Shri Charuben Pankajbhai Shah - Bhavnagar | 10000 |
| Shri Charuben Pankajbhai Shah - Bhavnagar | 10000 |
| M/S. N.bhau(jewellers) Pvt.ltd. - Mumbai | 125000 |
| M/S. Rotary Club Of Puna University Ch. - Puna | 15000 |
| Shri Alkaba A. Jadeja - Bhavnagar | 6710 |
| Shri Asmi Minar Mirkar - Bhavnagar | 7000 |
| Late Shri Jyotiben Rajkotiya - Amreli | 2120 |
| M/S. Abhi Plastic - Baroda | 22910 |
| Shri Suryakantbhai H. Chavda - Bhavnagar | 1000 |
| Shri Ramlal Kawarlal Jain - Chennai | 50000 |
| Shri Tejash Pradipbhai Shah - Mumbai | 150000 |
| Late Shri Vivekbhai A. Doshi - Bhavnagar | 5000 |
| Late Shri Rasikbhai Balubhai Parmar-Bhavnagar | 5000 |
| Shri Mahesh Nagardas Shah - Mumbai | 100000 |
| Shri Karimkhan U. Pathan - Bhavnagar | 50000 |
| Smt. Nasim K. Pathan - Bhavnagar | 50000 |
| Shri Varshaben N. Padhiyar - Bhavnagar | 100000 |
| Dr. Bharatbhai Bhimani - Bhavnagar | 4000 |
| Dr. Bharatbhai Bhimani - Bhavnagar | 1500 |
| Shri Tejash Pradipbhai Shah - Mumbai | 25000 |
| M/S. Sources Solutions India Pvt. Ltd. -Thane (W) | 50000 |
| Shri Divyaba Gohil - Bhavnagar | 5000 |
| M/S. Rotary Club Of Ichalkaranji Central - Ichalkaranji | 15000 |
| Shri Jigisha Pankajkumar Mehta - Mumbai | 51000 |
| Shri Dhiren Navin Shah - Mumbai | 15000 |
| Shri Saurabha Pradip Shah - Mumbai | 125000 |
| Shri Tejash Pradipbhai Shah - Mumbai | 125000 |

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | |
|---|---|
| Smt. Mrudulaben S. Parekh - Mumbai | 300000 |
| Shri Medinex Laboratory Pvt. Ltd. - Bhavnagar | 200000 |
| Shri Tamboli Foundation - Bhavnagar | 100000 |
| Shri Bharatbhai Parikh - Ahmedabad | 50000 |
| Shri Dushyant Shah Charitable Trust - Sanand | 31000 |
| Shri Patel Social Group - Mumbai | 25000 |
| Shri Navsarjan Pratishthan - Mumbai | 25000 |
| Shri AMS Fine Cemicals - Bhavnagar | 25000 |
| Smt. Amiben Ketanbhai Vora - Mumbai | 21000 |
| Shri Samarth Sunilkumar Muni - Bhavnagar | 21000 |
| Shri Bhumi Road Ways - Vartej | 21000 |
| Shri Saurashtra Electric Store - Bhavnagar | 21000 |
| Shri Microsine Product - Bhavnagar | 21000 |
| Shri Kanvarlal & Co. - Chennai | 20000 |
| Shri Payalben Markandray Mehta - Bhavnagar | 11111 |
| Dr. Mehta Meternity Hospital - Bhavnagar | 11000 |
| Shri Ajvaliben Mohanbhai Nakrani - Bhavnagar | 11000 |
| Shri Kasba Anjuman Islam - Bhavnagar | 11000 |
| Shri Jimitbhai Dilipbhai Patel - Bhavnagar | 10000 |
| Dr. Kashmiraben Kothari - Bhavnagar | 10000 |
| Shri Upendrabhai Jashvantray Trivedi - Mumbai | 10000 |
| Shri Rucha Mukeshbhai Thakkar - Bhavnagar | 5500 |
| Shri Nareshbhai B. Bhalgamiya - Bhavnagar | 5000 |
| Shri Nareshbhai R. Rathod - Bhavnagar | 5000 |
| Shri Vikramkumar H. Pandya - Bhavnagar | 5000 |
| Shri Rajnikant Kantilal Patel - Bhavnagar | 5000 |
| Shri Hemlataben A. Kapasi - Bhavnagar | 5000 |
| Dr. Bharatbhai N. Panchal - Bhavnagar | 5000 |
| Shri Niruben Ashokkumar Vaghela - Bhavnagar | 5000 |
| Shri Prakashbhai Bijalbhai Chauhan - Akwada | 2500 |
| Shri Chandreshbhai J. Shah - Mumbai | 2500 |
| Shri T. H. Lokat & Asso. - Bhavnagar | 2500 |
| Late Madhukantaben Champaklal Vora - Bhavnagar | 2500 |
| Late Nirmalaben Vamanbhai Vora - Bhavnagar | 2500 |
| Shri Hotel Sapna - Bhavnagar | 2000 |
| Shri Sapna Enterprise - Bhavnagar | 2000 |
| Shri Nimeshbhai J. Desai - Bhavnagar | 2000 |
| Shri Rupalben N. Desai - Bhavnagar | 2000 |
| Shri Paragbhai K. Maniyar - Bhavnagar | 2000 |
| Shri Vaghela Mukeshbhai Chamanbhai - Bhavnagar | 1100 |
| Shri Sudhaben Rajeshbhai Mehta - Bhavnagar | 1001 |
| Shri Chandaniben Shyambhai Keshvani - Bhavnagar | 1000 |
| Shri Krishnakantbhai A. Maniyar - Bhavnagar | 1000 |
| Shri Mahendrabhai Jayantilal Shah - Bhavnagar | 1000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
## SHETH SHRI V. C. LODHAWALA HOSPTIAL

| | |
|---|---|
| Shri Upendrabhai J. Trivedi - Mumbai | 6,000/- |
| Shri Pratimaben P. Shah - Bhavnagar (Haste : Shri Amitbhai P. Shah) | 11,000/- |
| Shri Prataprai S. Parekh - Mumbai | 1,25,000/- |
| Shri Raseshbhai R. Doshi - Mumbai | 25,000/- |
| Shri Rajeshbhai R. Modi - Mumbai | 5,000/- |
| Shri K. N. Shah Charitable Trust - Mumbai (Haste : Shri Narendrabhai K. Shah) | 1,00,000/- |

## 'કોશિશ થી કામયાબી' ના વાચકોને અપીલ

**ભાઈશ્રી/બહેનશ્રી,**

આપણી સંસ્થા દ્વારા **'કોશિશ થી કામયાબી'** મુખપત્ર તમોને નિયમિત મળતું હશે. વિકલાંગ ક્ષેત્રે તપાસ, નિદાન, શિક્ષણ, તાલીમ, પુનઃસ્થાપન તથા સારવારમાં ઉપયોગી માહિતી છેલ્લાં ૫૦ વર્ષથી પ્રકાશિત કરી, વાલીઓ, સ્ટાફ, સંસ્થાઓ, દાતાઓ, સંશોધકો તથા સમાજના આ ક્ષેત્રે રસ ધરાવતાં વાચકોના ખૂબ સુંદર પ્રતિભાવો પ્રાપ્ત થાય છે.

આ મુખપત્રનો પ્રિન્ટિંગ ખર્ચ સમય જતાં વધતો જાય છે અને વધુ માહિતી કે વાચકોને આવરી શકાતા નથી. નાણાંકીય મર્યાદા આપણી મુશ્કેલી છે.

આ વધતાં જતાં ખર્ચને પહોંચી વળવા આપ આ મુખપત્રના સભ્યપદે જોડાય, કોઈ પણ એક વિભાગની **સહાય રકમ** મોકલી, **સભ્યપદ** પ્રાપ્ત કરી, આભારી કરશો.

**નોંધ :** સભ્ય બનનારની અલગથી યાદી **'કોશિશ થી કામયાબી'** માં પ્રસિધ્ધ કરાશે.

આભાર.

**- મંત્રી**

### KOSHISH THI KAMYABI SUPPORT MEMBER

**1-April-2017 To 31-March-2018**

| | |
|---|---|
| Shri Parasbhai Chandulal Shah - Bhavnagar | 1,000/- |
| Shri Anantrai Amrutlal Shah - Bhavnagar | 1,000/- |
| Shri Anantrai K. Shah - Bhavnagar | 1,000/- |
| Bhavnagar Salt & Ind. Works Pvt. Ltd. | 1,000/- |

### KOSHISH THI KAMYABI LIFE MEMBER

**1-April-2017 To 31-March-2018**

| | |
|---|---|
| Shri Goraben N. Trivedi - Bhavnagar | 2,500/- |
| Shri Kaushal Navin Jethani - Bhavnagar | 2,500/- |

### દાતાશ્રીઓનો ફોટો

**રૂા. ૨૫૦૦૦/- કે તેથી વધુ રકમ દાન આપનાર દાતાશ્રીઓનો પાસપોર્ટ સાઈઝ ફોટો મોકલશો, તો 'કોશિશ' માસિકમાં મૂકવાની યોજના કરવામાં આવી છે.**

**- મંત્રી**

**(વિકલાંગતામાંથી ધ્યેય શાહની છલાંગ)**

## છેલ્લા પાંચ વર્ષથી વ્હીલચેરમાં, છતાં રિઝલ્ટ આવ્યું "A1"

### સુરતના ધ્યેય શાહને સી.એ. બનવું છે, પરીક્ષામાં રાઇટર પણ ન હતો લીધો.

સુરતની એક્સપરિમેન્ટલ સ્કૂલના દિવ્યાંગ વિદ્યાર્થી ધ્યેય શાહને ધો.૧૦ની પરીક્ષામાં A-1 ગ્રેડ મળ્યો છે. છેલ્લા પાંચ વર્ષોથી વ્હિલચેર પર હોવા છતાં તે 88% સાથે ઉર્તીણ થયો છે. તેમનો સંઘર્ષ તેમના જ શબ્દોમાં, ''હું મસ્ક્યુલર ડીસ્ટ્રોફીનો દર્દી છું. જેને કારણે સ્નાયુઓ ઘણાં નબળા થઈ જાય છે. જેથી હું હલનચલન કરી શકતો ન હતો. પાછલા પાંચ વર્ષથી વ્હીલચેર પર છું. પણ વાંચવાની ધગશ કયારેય ઓછી ન હતી થઈ. શાળા અને પેરેન્ટ્સનો ઘણો સરકાર મળ્યો. સર ઘરે ભણાવવા આવતા. ઓપરેશનને કારણે ઓકટોબરમાં પ્રીલીમરી એકઝામ પણ ન આપી શકયો. પણ ત્યાર પછી હું રોજ વાંચતો અને પેપર લખતો. મારે સી.એ. બનવું છે, જે હું બનીને જ રહીશ.'' આ વાત ૧૬ વર્ષના ધ્યેય શાહે જણાવી હતી. જે મસ્કયુલર ડીસ્ટ્રોફી નામના જિનેટિક રોગથી પિડાય છે. જેની કોઈ પણ રીતની દવા કે ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જ નથી. છતાં તેણે હિંમત હારી નહી. હકીકતનો તેણે સ્વીકાર કરી લીધો છે અને આગળ વધ્યો. ધ્યેય શાહ જયારે ત્રણ વર્ષનો હતો ત્યારે એક વાર પડી ગયો હતો. પગ પર સોજો આવી ગયો જે ઓછો ન થતાં માતાપિતાએ ઓર્થોપેડિક ડોકટરને બતાવ્યું. અમુક ટેસ્ટ થયાં પછી ખ્યાલ આવ્યો કે ધ્યેયને તો મસ્કયુલર ડીસ્ટ્રોફી રોગ છે. નીપાબેનને આ બીમારી વિશે જાણ હતી. કારણ કે તેમના ભાઈને પણ આજ બીમારી છે. આ એવી બીમારી છે જે એક જિનેટિક બીમારી છે. આ એવી બીમારી છે જેમાં તે ચાલી જ ન શકે. જયારે એ 10-11 વર્ષનો થયો ત્યારે તેણે વ્હિલચેરનો સહારો લેવો પડયો. ધ્યેય પાછલા વર્ષથી વ્હિલચેર પર જ છે.

**સૌજન્ય : સૌરાષ્ટ્ર સમાચાર**

# પી.એન.આર. સોસાયટીનો ત્રિવિધ કાર્યક્રમ "દિવ્યાંગ દર્શન"



ભાવનગરની પી.એન.આર. સોસાયટી સંચાલિત, 'નટરાજ' સેરિબ્રલ પાલ્સી (મગજનો લકવા) ધરાવતાં બાળકોના વિશિષ્ટ શિક્ષણ અને તાલિમ તથા સાર-સંભાળ માટેની સંસ્થાનો મગજના લકવાવાળા તથા માનસિક અશકત બાળકોને શૈક્ષણિક કીટ સાધન સહાય વિતરણ રીચીંગ ટુ અનરીચડ પ્રોજેકટ, નીલકમલ લી. મુંબઈ અને શાર્તુલ ફાઉન્ડેશન મુંબઈના સહયોગથી શાર્તુલ એવોર્ડ અર્પણવિધિનો એક ત્રિવિધ કાર્યક્રમ તથા નટરાજ ઓડિટોરીયમ ખાતે, તા.૨૭ એપ્રિલ-૧૮ ના રોજ યોજાઈ ગયો. જેમાં મુખ્ય અતિથિ ભાવનગરના PGVCL ના કાર્યપાલક ઈજનેર શ્રી એ.એસ. ચૌધરી, નાયબ ઈજનેર શ્રી જે. કે. ડામોર, પૂર્વ ચિફ એન્જીનિયર શ્રી એ.જી. તન્નારાણા (હાલમાં આપણાં વહિવટી અધિકારીશ્રી), શાર્તુલ ફાઉન્ડેશનના શ્રી અંબિકાબેન ટેકરીવાલ, શ્રી અનુરાધાબેન શાહ ઉપસ્થિત રહ્યાં હતાં. નટરાજ સી.પી. સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન શાહ દ્વારા પધારેલ મહાનુભાવોના શાબ્દિક સ્વાગત બાદ તેઓશ્રીએ સી.પી. સ્કૂલના ૧૦ વર્ષમાં પ્રવેશ અંગેનો ટૂંકો અહેવાલ, અર્લિ ડિટેકશન પ્રિવેન્શન, ડે કેર સેન્ટર વગેરે પ્રવૃત્તિની ઝલક આપી હતી. તેઓના વરદ્ હસ્તે વિવિધ કેટેગરીના એવોર્ડ, વોકર, વ્હીલચેર, શૈક્ષણિક કીટ તથા સરપ્રાઈઝ ગિફટના કવર લાભાર્થીઓને અર્પણ કરાવ્યાં. દિવ્યાંગ તથા સમધારણ બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી ખૂબ પ્રસંશા કરી મેળવી હતી. હાઈટેક પ્રાથિમક અને માધ્યમિક સ્કૂલના શિક્ષક શ્રી અનિલા રાઠોડે, શાળા બીજા વર્ષમાં પ્રવેશતા શાળાની ઉત્તરોત્તર પ્રગત્તિના કારણો જેવા કે, મોડેલ સ્કૂલ, ઈન્ફોર્મેશન કોમ્યુનિકેશન ટેકનોલોજી, સ્માર્ટ બોર્ડ ઈન્ટેરેકટીવ વ્હાઈટ બોર્ડ, વિવિધ પ્રવૃત્તિઓ, ઉત્સવો, પ્રવાસોનો રસપ્રદ અહેવાલ રજૂ કરી બાળકોની સંખ્યા ૭૬ સુધી પહોંચવાના શુભ સમાચાર આપ્યાં. શાર્તુલ ફાઉન્ડેશનના શ્રી અંબિકાબેન ટેકરી વાલે દિવ્યાંગ કલાકારોને સરપ્રાઈઝ ગિફટના કવરો એનાયત કરેલ. સમારંભના અધ્યક્ષ PGVCLના કાર્યપાલક ઈજનેર શ્રી એ. એસ. ચૌધરીએ પોતાના કિ-નોટ વકતવ્યમાં સેવાનો ઉજાસ પાથરતી સંસ્થાની પ્રવૃત્તિઓથી અભિભૂત થઈ સંસ્થા માટે મદદરૂપ થવાનું આશ્વાસન આપ્યું.



ગીફ્ટ આપતા શ્રી એ.જી. તન્નારાણા



દિવ્યાંગોનો સાંસ્કૃતિક કાર્યક્રમ

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 June - 2018 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24





Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com